જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૦૯-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભાનુશાળી ૧૯૧૧૬ સયાજીનગરી ટ્રેન દ્વારા ભૂજથી અમદાવાદ આવી રહ્યા હતા

રાજકીય એન્કાઉન્ટર...?, પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની ગોળી મારી હત્યા

ટ્રેન રાત્રે ૧.૩૫ વાગ્યે મોરબીના માળિયા પહોંચી ત્યારે કટારિયા-સુરબારી સ્ટેશનો વચ્ચે એરકન્ડિશન્ડ કોચમાં ભાનુશાળીને ઠાર કરાયા,એક ગોળી આંખ અને બીજી છાતીના ભાગે મારી



ટ્રેનમાં જ મુસાફરના સ્વાંગમા રહેલા કોન્ટ્રાક્ટ કિલરે હત્યા કરી હોવાની આશંકા,ફાયરિંગનો અવાજ ન આવે તે માટે ગન પર સાયલેન્સર લગાવી ફાયરિંગ કર્યુ

ગાંધીનગર

ભાજપ અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની સયાજીએક્સપ્રેસમાં ગોળી મારી હત્યા કરી દેવામાં આવી છે. મોરબી અને માળિયા વચ્ચે ટ્રેનમાં ગોળી મારવામાં આવી. મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ ટ્રેનમાં ઘૂસી ગોળી મારી હતી. તેઓ ભુજથી અમદાવાદ આવી રહ્યા હતા.

સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેન ગઈ કાલે રાતે લગભગ ૧.૩૫ વાગ્યે મોરબી જિલ્લાના માળિયા પાસે પહોંચી ત્યારે કટારિયા-સુરબારી સ્ટેશનો વચ્ચે એરકન્ડિશન્ડ કોચમાં ભાનુશાળીને ઠાર મારવામાં આવ્યા હતા. ભાનુશાળીને બે ગોળી મારવામાં આવી હતી. એક ગોળી એમની આંખમાં અને બીજી છાતીમાં વાગી હતી. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ટ્રેનમાં જ મુસાફરના સ્વાંગમાં રહેલા કોન્ટ્રાક્ટ કિલરે તેમની હત્યા કરી નાખી હતી. કોચમાં ફાયરિંગનો અવાજ ન આવે તે માટે ગન પર સાયલેન્સર લગાવીને ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જયંતિ ભાનુશાળીના અંતિમ સંસ્કાર અમદવાદ ખાતે કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે જયંતિ ભાનુશાળીના કોચમાં રહેલા પવન મોર્ય નામના એક પેસેન્જરે ગોળીબાર અંગેની જાણકારી ટ્રેનના ટીટીઈ (ટ્રેન ટિકિટ એક્ઝામિનર)ને જાણ કરી હતી. સુરજબારી પાસે પવન મોર્ય ઊંઘમાંથી જાગ્યો ત્યારે તેમણે જયંતિ ભાનુશાળીને લોહીથી લથપથ હાલતમાં જોયા હતા. આ મામલે માળિયા પોલીસે પવન મોર્યની પૂછપરછ કરી છે. ટ્રેનને રાત્રે ૨:૦૦ વાગ્યે માળિયા રેલવે સ્ટેશન ખાતે રોકવામાં આવી હતી. અહીં ૧૦૮ને બોલાવવામાં આવી હતી. માહિતી મળતા જ આરપીએફ અને જીઆરપીએફના કર્મીઓ કોચમાં પહોંચી ગયા હતા. હત્યાનો બનાવ જે ટ્રેનમાં બન્યો હતો તે સયાજીનગરી એક્સપ્રેસને અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન લાવવામાં આવી હતી. H1 એસી કોચને ટ્રેનથી અલગ કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ કર્યો હતો. કોચમાં મહત્વના પુરાવા હોવાથી તેને સીલ કરવામાં આવ્યું હતું. ટ્રેનમાં કેટલા પેસેન્જર હતા અને ભાનુશાળી બેઠા હતા તે કોચમાં કયા કયા પેસેન્જર બેઠા હતા તેની તપાસ પોલીસે શરૂ કરી હતી. જયંતી ભાનુશાળી સામે બળાત્કારનો આરોપ હતો. ભાનુશાળી ગુજરાત ભાજપના ઉપપ્રમુખ પણ હતા પણ બળાત્કારનો આરોપ મૂકાયા બાદ એમને પદ પરથી ઉતારી મૂકવામાં આવ્યા હતા. ભાનુશાળી ૨૦૦૭માં અબડાસામાંથી વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ભાનુશાળીની રાજકીય સફર

પ્રદેશ બીજેપીના પૂર્વ ઉપપ્રમુખ જયંતી ભાનુશાળીની આજે હત્યા કરી દેવાઈ છે. અમદાવાદમાં રહેતા અને કચ્છ જિલ્લામાં દબદબો ધરાવતા જયંતી ભાનુશાળી માત્ર ૮ ધોરણ પાસ હતા. તેમણે જિલ્લા પંચાયતના સભ્યથી લઈ ધારાસભ્ય અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર સુધીની રાજકીય સફર ખેડી હતી. ઉલ્લેખનીય છે કે, ભાનુશાળી પર દુષ્કર્મના પણ આરોપ લાગ્યા હતા. તેઓ ગુજરાત ભાજપનાં ઉપપ્રમુખ પણ રહી ચૂક્યાં છે.

૫૪ વર્ષીય જયંતી પરસોતમ ભાનુશાળી મૂળ અબડાસા તાલુકાના હાજાપર ગામના રહેવાસી છે. તેમણે રાજકીય કરિયરની શરૂઆત ૧૯૯૫માં જિલ્લા પંચાયતના સભ્ય તરીકે કરી હતી. તેઓ વર્ષ ૨૦૦૦ સુધી કચ્છ જિલ્લા પંચાયતના સભ્ય રહ્યા હતા. ત્યાર બાદ કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો અને આ દરમિયાન રાજ્ય સરકારની સાથે મળીને સક્રિય બની કામ કર્યું હતું. ત્યાર બાદ તેમને વર્ષ ૨૦૦૭ અબડાસા બેઠક પરથી બીજેપીની ટીકીટ આપવામાં આવી અને ધારાસભ્ય બન્યા હતા. વર્ષ ૨૦૧૦માં જયંતી ભાનુશાળીના એકના એક પુત્ર અનિરુદ્ધ ભાનુશાળીનું કાર અકસ્માતમાં મોત થયું હતું. આ સમયે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને તત્કાલીન વિધાનસભા અધ્યક્ષ અશોક ભટ્ટ તેમને સાંત્વના આપવા માટે ગયા હતા. પરંતુ ૨૦૧૨માં અબડાસા બેઠક પરથી તેઓ કોંગ્રેસના છબિલ પટેલ સામે હારી ગયા.

છબીલ પટેલ હત્યા કરાવીને અમેરિકા ભાગી ગયોઃ ભાનુશાળીના પરિવારનો આક્ષેપ

મારા પતિની હત્યા છબિલ પટેલે જ કરાવી છેઃ ભાનુશાળીના પત્ની

જયંતિ ભાનુશાળીના પરિવારજનોએ હત્યા માટે કચ્છ ભાજપના નેતા છબિલ પટેલને જવાબદાર ગણાવ્યા હતા. જયંતિ ભાનુશાલીના પત્નીએ આક્ષેપ લગાવતા કહ્યું કે, મારા પતિની હત્યા કરાવવા પાછળ છબિલ પટેલનો હાથ છે. છબિલ પટેલ જ મારા પતિની હત્યા કરાવી છે. તેણે જ ષડયંત્ર ગોઠવ્યું છે. મારા પતિની હત્યા કરાવીને તે અમેરિકા જતો રહ્યો છે. એમની જ ગેંગે હત્યા કરાવી છે. મારા પતિને મારનાર છબિલ પટેલ જ છે. સોપારી આપીને જતો રહ્યો છે. મારા પતિ ચાર પાંચ દિવસથી કચ્છ ગયા હતા. આવું થઈ જશે તેની ખબર ન હતી એટલે તેઓ બિન્દાસ ફરતા હતા. જયંતિ ભાનુશાળીના ભાઈએ કહ્યુ કે મારા ભાઈની રાજકીય હત્યા કરવામાં આવી છે. મારા ભાઈનો કોઈ દુશ્મન નથી. મારા ભાઈ એચ-૧માં હતા, તો પણ કેવી રીતે હત્યા થઈ.

રેલ્વેના ડીવાયએસપી પીપી પીરોજીયા હત્યા કેસની તપાસ કરશે

જયંતિ ભાનુશાળી હત્યાના પ્રકરણની તપાસ માટે એસઆઈટીની રચના કરાઈ

જયંતિ ભાનુશાળીની હત્યાની તપાસ કરવા માટે રેલવે કમિટીએ SITની રચના કરી છે. અમદાવાદ રેલવેના DYSP પીપી પીરોજીયા આ હત્યા કેસની તપાસ હાથ ધરશે. રાજકોટના DYSP, રેલવે LCBના એક PI અને બે PSI તેમજ એક કોન્સ્ટેબલ જયંતિ ભાનુશાળીના મર્ડર કેસની તપાસ રશે. એસઆઈટી દ્વારા સમગ્ર ઘટનાના જુદા જુદા પાસાઓને ચકાસવામાં આવશે. ટ્રેનના કોચની પણ ઝીણવટપૂર્વક તપાસ કરી હત્યાનું પગેરું મેળવવા પ્રયાસ કરાશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નકાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm



રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડેશબોર્ડ હોલ્ડર પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રોટો મોડની કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે ચાહતામાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ત્રોટો મોડની કપાવી)
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે ચાહતામાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદના અમરાપર ગામની સરકારી શાળામાં ગ્રામજનોએ કરી તાળાબંધી



હળવદના અમરાપર ગામની સરકારી શાળામાં આજે શિક્ષકોની ઘટ હોવાથી નારાજ ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી હતી અને એક શિક્ષિકાને અન્ય ગામમાં ચાર્જ સોપવામાં આવતા શિક્ષિકાને પરત કરવાની માંગ કરી રહ્યા છે

સરકારી શાળામાં શિક્ષણ કાર્ય રામ ભરોસે ચાલી રહ્યું છે ભણશે ગુજરાત જેવા સોનેરી સુત્રો આપતી સરકાર સરકારી શાળાઓમાં પૂરતા શિક્ષકો ફાળવી સકતી નથી અને હળવદ તાલુકાના ગ્રામ્ય પંથકમાં અવારનવાર શાળાને તાળાબંધી જેવા બનાવો બનતા રહે છે જેમાં આજે હળવદ તાલુકાના જુના અમરાપર ગામની સરકારી શાળામાં શિક્ષકોની ઘટ હોય તે ઉપરાંત શાળાના મહિલા શિક્ષિકાને માથક ગામનો ચાર્જ સોપવામાં આવ્યો હોય જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડતો હોય આજે સરપંચની આગેવાની હેઠળ ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી હતી અને શિક્ષિકાને જુના અમરાપર પરત નહિ કરાય ત્યાં સુધી તાળાબંધી રાખવાની ચીમકી ઉચ્ચારી છે તો આ મામલે ગ્રામજનોએ અગાઉ પણ શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી હતી જોકે તંત્ર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો ના હોવાનો રોષ ગ્રામજનોએ વ્યક્ત કર્યો છે



છબીલ પટેલના પુત્રનું નિવેદન

મારા પિતા પર લગાવવામાં આવેલા આક્ષેપો પાયાવિહોણા

છબીલ પટેલના પુત્ર સિદ્ધાર્થ પટેલે જયંતિ ભાનુશાળીના પરિવારજનોના આરોપોને નકાર્યા છે. સિદ્ધાર્થ પટેલે જણાવ્યુ છે કે, મારા પિતા પર લગાવવામાં આવેલા તમામ આક્ષેપો પાયવિહોણા છે. આ સાથે જ તેમણે જણાવ્યુ છે કે, મારા પિતા હાલ અમેરિકામાં છે.

હરેન પંડ્યાની જેમ જ ભાનુશાળીની હત્યા કરાઈઃ લલિત વસોયા

જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા લલિત વસોયાની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસ નેતાએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું છે કે, જયંતિ ભાનુશાળીની હત્યા રાજકીય અદાવત ગણાવી છે. હરેન પંડ્યાની જેમ જ ભાનુશાળીની હત્યા કરાઈ છે. આ સાથે જ કોંગ્રેસે એવી પણ શંકા વ્યક્ત કરી છે કે, જયંતિભાઈ કયા રાઝ જાણતા હતા કે હત્યા થઈ થઈ ગઈ, શું નલિયા કાંડના રાઝ જયંતિભાઈ જાણતા હતા? પૂર્વ ધારાસભ્ય સલામત નથી તો અન્યની સુરક્ષાનું શું આ ભાજપ સરકાર શું કરશે? તેવો આરોપ પણ લગાવ્યો હતો.

ગુજરાત સરકાર પ્રજાની ઠીક નેતાઓને પણ સુરક્ષિત નથી રાખી શકતીઃ અર્જુન મોઢવાડિયા

આ અંગે કોંગ્રેસનાં દિગ્ગજ નેતા અર્જુન મોઠવડિયાએ આ અંગે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ' આ બધું ઘણું દુર્ભાગ્યપૂર્ણ છે. ગુજરાતમાં કેવો માહોલ છે કે ભારતીય જનતા પાર્ટીનાં વરિષ્ઠ નેતા પણ સુરક્ષિત નથી. બધાને ખબર હતી કે તેમના જીવને ખતરો છે તેમની હત્યા થઈ શકે છે. તો પણ તેમનાં માટે સુરક્ષા આપવામાં આવી ન હતી. ગુજરાત સરકાર જનતાની સુરક્ષામાં તો ધ્યાન નથી આપતી પરંતુ નેતાઓની સુરક્ષામાં પણ ધ્યાન નથી આપતી. અહીં દિવસનાં અજવાળામાં લોકોની હત્યા થાય છે લૂંટ થાય છે. તો પણ તેની સામે કાયદા અને વ્યવસ્થા અંતર્ગત જે કામ થવું જોઈએ તે થઈ નથી રહ્યું. બીજેપીનાં કાર્યકર્તાઓ અંદરોઅંદર ઉલઝી રહ્યાં છે અને ભ્રષ્ટાચારમાં રાચેલા રહે છે.

'દુશ્મનોને ઢિંચકિયાંઉ ઢિચકિયાંઉ,' વાયરલ થયો હતો છબિલ પટેલનો વીડિયો

કચ્છ

કચ્છ ભાજપના નેતા જયંતિ ભાનુશાળીની હત્યા અંગે તેમના પરિવારજનોએ કચ્છ ભાજપના જ એક નેતા છબિલ પટેલ પર આક્ષેપ લગાવ્યો છે. પરિવારના લોકોનું કહેવું છે કે જયંતિ ભાનુશાલીની રાજકીય હત્યા કરવામાં આવી છે. જયંતિ ભાનુશાળીની હત્યા મામલે છબિલ પટેલે હાલ મૌન સેવી લીધું છે. જયંતિ ભાનુશાળી અને છબિલ પટેલ વચ્ચેની રાજકીય દુશ્મની ખૂબ જાણીતી છે. સુરતની યુવતીએ જયંતિ ભાનુશાળી પર બળાત્કારનો કેસ કર્યો ત્યારે એવા આક્ષેપો થયા હતા કે છબિલ પટેલના ઈશારા પર આ બધુ થઈ રહ્યું છે. આ સમયે જયંતિ ભાનુશાળી અને છબિલ પટેલે એકબીજા સામે અનેક આક્ષેપો કર્યા હતા. આ દરમિયાન છબિલ પટેલનો એક વીડિયો પણ વાયરલ થયો હતો.

ચૂંણીમાં હાર બાદ બંને જૂથ તરફથી વીડિયો થયો હતો વાયરલ

૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ છબિલ પટેલે સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે તેમનું વિરુદ્ધ કાર્ય કરનાર તેમના દુશ્મનોને (જયંતિ ભાનુશાળી) એક ધમકી આપી હતી. આ વીડિયોમાં છબિલ પટેલ બે આંગળી વડે બંદૂક બતાવીને એવું કહી રહ્યા છે કે, ×મિત્રો ચિંતા ન કરતા...દુશ્મનોને ઢિંચકિયાંઉ ઢિચકિયાંઉ.× સામે પક્ષે પણ આવો જ વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. જોકે, તેમાં આંગળીના બદલે સાચી રિવોલ્વર બતાવવામાં આવી હતી. જયંતિ ભાનુશાળી જૂથના બે સમર્થક નરેન્દ્રસિંહ સોઢા અને અનિરુદ્ધસિંહ જાડેજા વીડિયો એવું કહેતા સાંભળવામાં આવ્યા હતા કે, ×ઢિશૂમ ઢિશૂમ આંગળીથી ન થાય, પરંતુ એ માટે કલેજું જોઈએ.

છબિલ પટેલ જયંતિ ભાનુશાળીને કારણે બે વખત ચૂંટણી હાર્યા!

રાજકીય નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે કચ્છની અબડાસા બેઠક પરથી છબિલ પટેલ બે વખત વિધાનસભાની ચૂંટણી હારી ગયા હતા તેની પાછળ ક્યાંકને ક્યાંક જયંતિ ભાનુશાળી જવાબદાર હતા. ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી વખતે છબિલ પટેલ કોંગ્રેસની ટિકિટ પરથી અબડાસાથી વિધાનસભાની ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. આ વખતે તેમણે ભાજપના જયંતિ ભાનુશાળીને હરાવ્યા હતા. બાદમાં ૨૦૧૪ના વર્ષમાં છબિલ પટેલ મોદીથી પ્રેરિત થઈને ભાજપમાં જોડાઈ ગયા હતા.

છબિલ પટેલે કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપતા આ બેઠક પણ પેટા ચૂંટણી યોજાઈ હતી. ભાજપે પેટા ચૂંટણીમાં જયંતિ ભાનુશાળીને બદલે છબિલ પટેલને ટિકિટ આપી હતી. કોંગ્રેસે તેમની સામે શક્તિસિંહને ઉભા રાખ્યા હતા. આ ચૂંટણી છબિલ પટેલ હારી ગયા હતા. રાજકીય પંડિતોના જણાવ્યા પ્રમાણે આ સમયે ભાજપે જયંતિ ભાનુશાળીને છબિલ પટેલ માટે કામ કરવાનો આદેશ કર્યો હતો, પરંતુ તેમની નિષ્ક્રિયતાને કારણે છબિલ પટેલ ચૂંટણી હારી ગયા હતા.

૨૦૧૭માં છબિલ પટેલ ફરી હાર્યા

૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભાજપે અબડાસા બેઠક પરથી ફરીથી છબિલ પટેલને જ ટિકિટ આપી હતી. આ સમયે પણ જયંતિ ભાનુશાળીને કારણે છબિલ પટેલ ફરી એકવખત ચૂંટણી હારી ગયા હતા. કોંગ્રેસના પ્રદ્યુમનસિંહ જાડેજાએ તેમને હાર આપી હતી.

સરકારને કાયદા અંતર્ગત સીબીઆઈ ચીફ આલોક વર્માને રજા ઉપર મોકલવાનો કોઈ અધિકાર નથી

સુપ્રિમનો મોદી સરકારને ફટકોઃ CBI આલોક વર્માને રજા પર મોકલવાનો નિર્ણય રદ્દ

ન્યુ દિલ્હી

સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્માની અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા આજે કેન્દ્ર સરકારને ઝટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ અંગે સુનાવણી કરતા સીવીસીના ઓક્ટોબર ૨૩ આદેશને રદ કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સીવીસીને આ અંગે આદેશ આપવાનો કોઈ અધિકાર નથી. આલોક વર્માને કેન્દ્ર સરકાર દ્વારા રજા પર ઉતારવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યું છે અને તેમને પોતાના પદ પર ફરીથી પુનઃસ્થાપિત કરી દેવામાં આવશે.

સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્મા અને એડિશનલ ડાયરેક્ટર રાકેશ અસ્થાના સાથેના વિવાદને કારણે તેમના પદ પરથી હટાવવા અંગે અને તેમને રજા પર મોકલી દેવા અંગે અરજી દાખલ કરી હતી. અસ્થાના અને વર્માની વચ્ચે ભ્રષ્ટાચાર આરોપ પ્રત્યારોપ બાદ મોદી સરકાર દ્વારા બન્નેને અધિકારીઓને રજા પર મોકલી દેવામાં આવ્યા હતા જેના વિરોધમાં આલોક વર્મા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સીનિયર આઈપીએસ ઓફિસર એમ નાગેશ્વર રાવને સીબીઆઈના કાર્યકારી ડિરેક્ટર બનાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય રદ કરી દીધો છે.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, હાઈપાવર કમિટિ એક સપ્તાહમાં મિટિંગ કરે અને આલોક વર્મા સામેના ભ્રષ્ટાચારને કેસમાં સીવીસીની તપાસ અંગે વહેલી તકે નિર્ણય લે. આ કમિટિમાં વડા પ્રધાન, વિપક્ષી નેતા અને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા હોય છે અને જ્યાં સુધી હાઇ પાવર કમિટિ કોઇ નિર્ણય નથી લેતી ત્યાં સુધી આલોક વર્મા કોઇપણ મહત્વના નીતિગત નિર્ણય લઇ શકશે નહી. સુપ્રીમ કોર્ટે આલોક વર્માને ફરીથી પોતાના પદ પર પાછા ફરવા અંગે લીલી ઝંડી આપી દીધી છે અને કેન્દ્રને આ અંગે મોટો આંચકો લાગ્યો છે.

કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે, બે ઉચ્ચ અધિકારીઓના ઝઘડો રાતોરાત સામે આવ્યો નહતો. આવું જુલાઇ માસથી ચાલી રહ્યું હતું. તેમને તેમના પદ પરથી બરખાસ્ત કરતા પહેલા પસંદગીની સમિતિ સાથે વાત કરવામાં શું મુશ્કેલી પડતી હતી. ૨૩ ઓક્ટોબરે અચાનક આ નિર્ણય કેમ લેવામાં આવ્યો?

જસ્ટિસ સંજય કિશન કૌલે સીવીસીના સોલિસિટર જનરલ તુષાર મહેતાને પૂછ્યું હતું કે, જો અમે એવું માની લઈએ કે, તે સમયે પરિસ્થિઓ પ્રમાણે સરકારની કાર્યવાહી જરૂરી હતી તો પછી પસંદગીની સમિતિ સાથે સંપર્ક કેમ ન કરવામાં આવ્યો? ત્યારે તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, કાયદાકીય રીતે આની કોઇ જરૂરત નથી. તેમણે જણાવ્યું હતું કે, તે સમયે કરવામાં આવેલી તપાસ અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે ખૂબ જ ગંભીર સ્થિતિ આવી ગઈ છે અને આલોક વર્માને તેમના પદ પર વધુસમય માટે રાખી શકાય તેમ નથી. એટલા માટે જ અમે તેમને રજા પર મોકલી દીધા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ અંગે ટ્વીટ કરતા લખ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો નિર્ણય વડાપ્રધાન મોદી પર કલંક સમાન છે. તેઓ દેશની તમામ સંસ્થાઓનો નાશ કરી રહ્યા છે તેમણે જણાવ્યું હતું કે, રાફેલ પર તપાસ ટાળવા માટે, જેમાં મોદી સીધી રીતે ફસાતા હતા તેમણે સીબીઆઈના ડાયરેક્ટરને રાતોરાત તેમના પદ પરથી બરખાસ્ત કરી દીધા હતા.

સીબીઆઈની પ્રતિષ્ઠા બચાવવા CVCની ભલામણનો સરકારે અમલ કર્યો હતોઃ જેટલી

સરકારે રજા પર ઉતારી દીધેલા સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્માને ફરી ડાયરેક્ટર પદ સોંપવા માટે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ બાદ નાણા મંત્રી અરુણ જેટલીએ સરકાર તરફથી પહેલી પ્રતિક્રિયા આપી છે.

તેમણે કહ્યુ હતુ કે સીબીઆઈની પ્રતિષ્ઠા બચાવવા માટે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની ભલામણના આધારે કેન્દ્ર સરકારે સીબીઆઈના બે ટોચના અધિકારીઓને રજા પર ઉતાર્યા હતા.

તેમણે કહ્યુ હતુ કે અમે સુપ્રીમ કોર્ટના આદેશનુ પાલન કરીશું.જોકે સરકાર ચુકાદાનો અભ્યાસ કરશે.આ મામલો હજી ખતમ થયો નથી.સરકારનો કોઈના પક્ષમાં રહેવાનુ વલણ નથી. સીબીઆઈની સ્વાયત્તા બચાવવા માટે વિજિલન્સ કમિશને જે ભલામણ કરી હતી તેના પર સરકારે અમલ કર્યો છે.

આ જ રાજ્યમાં હરેન પંડ્યાની હત્યા થઈ હતીઃ પરેશ ધાનાણી ભાજપના નેતાઓએ 'મીઠી ખારેક' ખાધી હોવાની વાત છૂપાવવા ભાનુશાળીનો ભોગ લેવાયોઃ ધાનાણી

ભારતીય જનતા પાર્ટીના નેતા જયંતિ ભાનુશાળીની હત્યા મામલે વિપક્ષે આક્રમક પ્રતિક્રિયા આપતા તેમની રાજકીય હત્યા કરાવવામાં આવી હોવાનો આક્ષેપ લગાવ્યો છે. આ મામલે વિપક્ષે કચ્છમાં બહુ ગાજેલા નલિયા સેક્સકાંડ સાથે પણ જયંતિ ભાનુશાળીની હત્યાના તાર જોડ્યા છે. વિપક્ષના નેતાઓએ આ મામલે યોગ્ય તપાસ કરીને સત્યને બહાર લાવવાની માંગણી કરી છે. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ જયંતિ ભાનુશાળીની હત્યા મામલે પ્રતિક્રિયા આપતા આ મામલાને હરેન પંડ્યાની હત્યા સાથે જોડ્યો હતો. આ ઉપરાંત તેમણે નલિયાકાંડનો પણ આડકતરો ઉલ્લેખ કર્યો હતો. પરેશ ધાનાણીએ જણાવ્યુ હતુ કે, ×ભાજપના નેતાઓએ કચ્છની મીઠી ખારેક ખાધી હતી, આ વાતને છૂપાવવા માટે જયંતિ ભાનુશાળીનો ભોગ લેવાયો છે. આ એ જ રાજય છે જયાં પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા કરવામાં આવી હતી.× નોંધનીય છે કે કચ્છમાં બહુ ગાજેલા નલિયાકાંડ વખતે એવા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે કચ્છના એક બીજેપી નેતા કચ્છની મહેમાનગતિ માણવા આવતા બીજેપીના નેતાઓને છોકરીઓ પૂરો પાડતા હતા. આ મામલે જે તે સમયે ખૂબ હોબાળો થયો હતો.

સત્ય બહાર આવે : અમિત ચાવડા

જયંતિ ભાનુશાળીની હત્યા મામલે પ્રતિક્રિયા આપતા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે, ×નલિયાકાંડના સેક્સ રેકેટનો પર્દાફાશ ન થાય તે માટે જયંતિ ભાનુશાળીની હત્યા કરવામાં આવી છે. આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ થવી જોઈએ, જેના કારણે સત્ય બહાર આવે.

આમ આદમીની સુરક્ષાનું શું: અલ્પેશ કથીરિયા

પાસના કન્વિનર અલ્પેશ કથીરિયાએ જયંતિ ભાનુશાલીની હત્યા મામલે જણાવ્યું હતુ કે, ×ચાલુ ટ્રેનમાં ઘૂસી જઈને ગોળી મારી દેવાની ઘટના સાબિત કરે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી નથી. નેતાઓ સુરક્ષિત નથી તો આમ આદમીની સુરક્ષાનું શું કહેવું. હરેન પંડ્યાની જેમ જ જયંતિ ભાનુશાળીની હત્યા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં પ્રથમ રાજકીય એક્કાઉન્ટર થયું છે.

ભાનુશાળીની હત્યા પાછળ સેક્સ કાંડ અને સેકસ સીડી જવાબદાર

કચ્છમાં ભાજપના નેતાના ફાર્મ હાઉસમાં અનેક નેતાઓ મીઠી ખારેક ચાખવા જતા હતા

ગાંધીનગર

કચ્છના ભાજપના નેતા જયંતી ભાનુશાળીની હત્યા પાછળ સેક્સ કાંડ અને સેક્સ સીડીઓ જવાબદાર છે કચ્છનું નલિયા કાંડ બહાર આવ્યા બાદ ભૂતકાળમાં વિધાનસભા ગૃહમાં પણ વિરોધ પક્ષ દ્વારા ભારે હોબાળો કરીને ગૃહની ઓકે કાર્યવાહી ખોરવાઈ દેવાઈ હતી. વિપક્ષની અવિરત માગણીને પગલે સરકારને નલિયાકાંડ અંગે તપાસ પંચ રચવાની જાહેરાત કરવાની ફરજ પડી હતી.

એ સમયના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વિધાનસભાના ફ્લોર પર કહ્યું હતું કે મારી પાસે કેટલાય નેતાઓની સીડી છે કોઈએ જોવી હોય તો ખાનગીમાં આવજો હું તમને બતાવીશ વાઘેલાએ મજાક કરેલી આ વાતમાં તથ્ય લાગી રહ્યું છે ખરેખર તો તેઓએ એ સમયે આડકતરી ધમકી આપી હતી હવે જ્યારે ભાનુશાળી નું ખૂન થઈ ગયું છે ત્યારે સચિવાલયમાં સેક્સ કાંડ અને સેકસી અંગેની વ્યાપક ચર્ચા શરૂ થઈ છે.

કચ્છ ભાજપના બંને નેતાઓ વચ્ચે પણ સેક્સ કાંડને કારણે ને કારણે ઝઘડો થયો હતો. બંને નેતાઓ પાસે કેટલીક સીડી હોવાની પણ ચર્ચા છે સુત્રો જણાવે છે કે કચ્છમાં ભાજપના સિનિયર આગેવાન પોતાના ફાર્મ હાઉસ પર ભાજપના નાના-મોટા નેતાઓને અવાર-નવાર બોલાવતા હતા તેમજ રંગીન પાર્ટીઓ પણ મનાવતા હતા આથી કચ્છની આવી પાર્ટીઓ અંગે રાજકીય અગ્રણીઓ અને ઉચ્ચ અધિકારીઓ હળવી શૈલીમાં એવી મજાક પણ કરતા હોય છે કે તમે કચ્છમાં જઈને મીઠી ખારેક ચાખવા જાઓ છો કે નહીં. ભાજપના કેટલાય ટોચના નેતાઓએ કચ્છની મીઠી ખારેકની મજા માણી છે. એ બાબત પણ સૌ કોઈ જાણે છે જોકે નલિયા કાંડને પગલે ભાજપના નેતાઓ સાવચેત થઈ ગયા છે. તેમજ કચ્છના ફાર્મ હાઉસમાં જતા પહેલા ખૂબ જ સાવચેતી રાખે છે બીજીબાજુ સૂત્રો જણાવે છે કે નેતાઓના ઝઘડાઓ જો આગળ વધશે તો અમુક નેતાની સીડી બહાર આવવાની પૂરી શક્યતાઓ છે.







સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અગાઉ યોજાયેલા ૧૦ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧.૦૪ લાખ લાભાર્થીઓને રૂા.૧,૦૯૮.૪૧ કરોડની સહાયનું વિતરણ કરાયું હતું.

ઉત્તરાયણના તહેવાર સંદર્ભે સુરત જિલ્લામાં હથિયારબંધીનો અમલ

સુર

આગામી મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન સૂરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિ અને એખલાસનો માહોલ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એસ.ડી. વસાવા દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદૂક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઇજા પહોંચાડે તેવા સાધનો સાથે લઇ જવા નહી. આ ઉપરાંત કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખવા નહીં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી. જેનાથી સુરુચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ઠા કરવી નહીં તથા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ-વસ્તુ તૈયાર કરવી નહીં અને બતાવવી નહીં. કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં. લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં અને ગીતો ગાવા અને વાદ્ય વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

સરકારી કર્મચારી કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આજ્ઞા આપી હોય, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક(રૂરલ)એ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને અથવા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર શખ્સ વિરૂદ્ધ કાયદાકિય કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમ આગામી તા.૨૨/૦૧/૨૦૧૯ સુધી અમલી રહેશે.

ભરૂચમાં ચોરી ભંગાર સાથે એકની ધરપકડ

ભરૂચ એલસીબીનાં સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન ભડકોદરા ગામની સીમમાં આવેલ હાઈવે પરની રીગલ માર્કેટમાં એક ટાટા ફોર વ્હીલ ટેમ્પો નં.જીજે-૦૬-એઝેડ-૨૯૭૩ને શકમંદ હાલતમાં ઝડપીને તલાશી લેતા એમાંથી લોખંડનો ભંગાર રૂા.૩૮૮૦૦નો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે આ ભંગાર ઉપરાંત રૂપિયા ૨ લાખની કિંમતનો ટેમ્પો તથા મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦ હજાર મળી કુલ રૂા.૨,૪૮૦૦૦ સાથે મુલતાન મઝીબુલ્લા શાહ રહે. કાપોદરાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



સિંચાઈના પર્યાપ્ત પાણીની માંગ સાથે સુરતમાં ખેડૂત સમાજનો વિશાળ મોરચો

જહાંગીરપુરાથી શરૂ થયેલી રેલીમાં વિવિધ વાહનોમાં ખેડૂતો ઉમટી પડ્યા

સુરત

જિલ્લામાં સિંચાઈ આધારીત ખેતી માટે ૬૫ દિવસના રોટેશન મુજબ પાણી આપવાનો નહેર ખાતા દ્વારા ઈન્કાર કરવામાં આવતા આજે ખેડૂતોએ વિશાળ રેલી યોજી સિંચાઈ વિભાગના અધિક્ષકને રજૂઆત કરવામાં આવી.

આ વર્ષે તાપી નદીના ઉપરવાસમાં ચોમાસુ નબળુ રહેતાં ઉકાઈ ડેમમાં જળસપાટી ઓછી નોંધાઈ હોવાનું જણાવી સિંચાઈ માટે પાણી નહીં છોડાવવાનો નિર્ણય સિંચાઈ વિભાગે લીધો છે. જિલ્લાના ઓલપાડ, કામરેજ, પલસાણા, બારડોલી, ચોર્યાસી તાલુકાના ખેડૂતો નહેરના પાણીના આધારે શાકભાજીની ખેતી કરે છે. શેરડી અને કેળાની ખેતી માટે પાણી છોડવા માટે સિંચાઈ વિભાગે ઈન્કાર કરી દીધો છે. ખેડૂત સમાજ દ્વારા ૧૧૦ દિવસના રોટેશન મુજબ પાણી છોડવા માટે રજૂઆત કરી હતી. સિંચાઈ વિભાગ ૬૫ દિવસના રોટેશન મુજબ પણ પાણી છોડવા માટે અસમર્થતા દાખવી હતી. ખેડૂત સમાજે સિંચાઈ વિભાગને રજૂઆત કરી હતી કે ઉકાઈ ડેમમાં આજની તારીખે જેટલી જળસપાટી છે. તેનાથી સમગ્ર દક્ષિણ ગુજરાતની પીવાના પાણીની અને સિંચાઈની જરૂરીયાત સંતોષી શકાય છે. સરકાર ખેડૂતો ઉપર પામી કાપ મુકીને ઉદ્યોગને પાણી આપવા માંગે છે. તેના વિરોધમાં આજે ખેડૂત સમાજ રેલી કાઢીને સિંચાઈ અધિક્ષકને રજૂઆત કરી ખેડૂત સમાજના અગ્રણી નેતા જયેશ પટેલ (દેલાડ), જયેશ પટેલ (પાલ), દર્શન નાયક સહિત દરેક તાલુકાના ખેડૂત અગ્રણીઓ ખેડૂત સમાજના આગેવાનો અને ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહી સિંચાઈ અધિક્ષકને નહેર દ્વારા પાણી છોડવા માટે રજૂઆત કરી હતી.

એમ્વેનો હર્બલ ઓરલ કેર સેગમેન્ટમાં પ્રવેશ

સુરત

દેશની સૌથી મોટી એફએમસીજી ડાયરેક્ટ સેલિંગ કરતી એમ્વે ઈન્ડિયાએ આજે તેના તાજેતરના સંશોધન એવી 'ગ્લિસ્ટર હર્બલ્સ ટૂથપેસ્ટ'ને બજારમાં મુકવાની જાહેરાત કરી હતી, જેની સાથે હર્બલ ઓરલ કેર પ્રોડક્ટ ક્ષેત્રે પોતાનો પ્રવેશ પ્રસ્થાપિત કર્યો છે. વૈશ્વિક સ્તરે રૂ. ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી ગ્લિસ્ટરની સફળતા પર આધારરાખતા નવી હર્બલ કેર પ્રોડક્ટ સુસંગત હર્બલ ઈનગ્રેડીયન્ટ્સનું આકર્ષિત સ્વાદ સાથેનું મિશ્રણ છે અને ખુશ કરે તેવો કલર ધરાવે છે જે દરેકની રુચિ અનુસાર છે. આ નવી અને એડવાન્સ્ડ પ્રોડક્ટ સાથે એમ્વે ઈન્ડિયા ભારતમાં વૃદ્ધિ પામી રહેલા રૂ. ૧૯૮૦ કરોડના ટર્નઓવરવાળા સેગમેન્ટને ટાર્ગેટ કરી રહી છે. ગ્લિસ્ટરને લોંચ કરવાની જાહેરાત કરતા એમ્વે ઈન્ડિયાના ચિફ માર્કેટિંગ ઓફિસર શ્રી સુંદીપ શાહે જણાવ્યું હતું કે ગ્લિસ્ટર અમારી અત્યંત લોકપ્રિય વૈશ્વિક બ્રાન્ડ રહી છે. છેલ્લા પાંચ દાયકાથી શ્રેષ્ઠ વેચાણ ધરાવતી એવી ગ્લિસ્ટરે વિશ્વભરમાં ઉપભોક્તાઓનો વિશ્વાસ જીત્યો છે અને તે ઓરલ હાઈજિન રુટીનનો એક ભાગ બની છે. સૌથી વધુ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ ઓફર કરવાની અમારી પ્રતિબદ્ધતા સાથે લાંબા ગાળાના નિરોગી જીવન માટેના નેચરલ અને હર્બલ વિકલ્પો માટેની વધી રહેલી માગ પર ધ્યાન કેંદ્રિત કરતા ગ્લિસ્ટર હર્બલ્સ એ અમારી અગ્રણી બ્રાન્ડનું વિસ્તરણ છે અને અમારા ભારતીય ઉપભોક્તા માટે સ્વદેશી ધોરણે વિકસાવવામાં આવી છે.''













તંત્રી સ્થાનેથી...

યુપીની ગૌવંશ નીતિ

ઉત્તરપ્રદેશ સરકારે સમગ્ર રાજ્યમાં ગૌશાળા બનાવવા માટે ગૌ કલ્યાણ સેસ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આ હેઠળ હવે ૦.૫ ટકા સેસ શરાબ ઉપરાંત એવી તમામ ચીજો પર લાગુ કરવામાં આવનાર છેજે પેદાશો કરવેરાની હદમાં આવે છે. આટલા જ પેટા ટેક્સ સરકારી એજન્સીઓ દ્વારા વસુલ કરવામાં આવતા ટોલ ટેક્સ પર જુદી જુદી સરકારી યુનિટોના નફા પર લાગુ થનાર છે. મંડી પરિષદ જે હાલમાં ગૌ રક્ષા માટે એક ટકા ટેક્સ આપી રહી છે હવે બે ટકા આપશે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં મંગળવારના દિવસે મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યા બાદ તેને લઈને જુદી જુદી પ્રતિક્રિયા આવી રહી છે. કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય મુજબ રાજ્ય સરકાર દરેક જિલ્લાના ગ્રામીણ અને નગરીય ક્ષેત્રમાં લઘુતમ ૧૦૦૦ પશુ માટે આશ્રય સ્થળ પર બનાવનાર છે. નિર્માણ કાર્ય માટે મનરેગા ઉપરાંત ધારાસભ્ય અને સાંસદ નિધીમાંથી પણ પૈસા આપવામાં આવનાર છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યભરમાંથી એવી ફરિયાદ ઉઠી રહી છે કે આવારા પ્રાણીઓ પાકને નુકસાન કરી રહ્યા છે. સાથે સાથે તેમના કારણે માર્ગ દુર્ઘટના વધી રહી છે. જાહેરમાં ફરતા પ્રાણીઓથી પરેશાન થઈને પશ્ચિમ ઉત્તરપ્રદેશના લોકો તો હવે તેમને સ્કુલ અને પોલીસ સ્ટેશનમાં બંધ કરવા માટે વાત કરી રહ્યા છે. આ સમસ્યા એકાએક પશુના વેચાણની પ્રક્રિયા રોકાઈ જવાના કારણે સર્જાઈ ગઈ છે. સામાન્ય રીતે ખેડુતો ખેડુતો કેટલીક બાબતોને લઈને પરેશાન દેખાઈ રહ્યા હતા. હવે ખેતીના કામમાં મશીનરીનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી પ્રાણીઓનો ઉપયોગ સતત ઘટી રહ્યો છે. આ રાજ્યમાં ભાજપની સરકાર આવ્યા બાદ આના પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેટલાક અંકુશ લાગી ગયા છે. જેના કારણે પ્રાણીઓ જાહેર રસ્તા પર ફરતા થઈ ગયા છે. જે પ્રાણીઓ દુધ આપવાનુ બંધ કરી ચુક્યા છે તેમને ખુલ્લામાં છોડી દેવામાં આવે છે. ખેડુતો અને સામાન્ય લોકોની પરેશાનીને ધ્યાનમાં લઈને સરકારની ઈચ્છા આ પ્રકારના પ્રાણીઓને કોઈ અલગ જગ્યાએ મુકી દેવાની બાબત તો યોગ્ય દેખાય છે પરંતુ આ કામગીરી એટલી સરળ પણ નથી જેટલી લાગે છે. ભટકી રહેલા મોટા ભાગના પ્રાણીઓમાં બળદ વધારે પ્રમાણમાં છે. જે કોઈ હદમાં રહે તેવા પ્રાણીઓ નથી. તેમને પકડી લેવા માટે હાલમાં કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે પરંતુ તેમને એક જગ્યાએ રાખવાની બાબત સરળ નથી. આવી સ્થિતીમાં ઉત્તરપ્રદેશમાં યોગી સરકાર માટે આગામી દિવસોમાં મોટા પડકાર આવનાર છે. યોગી સરકારના આ નિર્ણયને લઈને જુદી જુદી પ્રતિક્રિયા આવી રહી છે. ગૌવંશની સંખ્યાને મર્યાદિત કર્યા વગર તેમને ચોક્કસ વિસ્તારમાં રાખવાની બાબત યોગ્ય સાબિત થઈ શકે નહીં. પશુ ચિકિત્સક અને કૃષિ વૈજ્ઞાનિકોને પણ આ સંબંધમાં જરૂરી સુચન કરવા માટે કહેવામાં આવી શકે છે. આને લઈને દુરગામી યોજના પર કામ કરવાની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે. કાયમી રીતે સમસ્યાને ઉકેલી દેવાની જરૂર છે.

બે મહિલાઓના પ્રવેશ બાદ આને લઈને ઝુંબેશ ચલાવતી મહિલાઓમાં ઉત્સાહ છે

પૂર્વોતરના રાજ્યોમાં લોકસભાની કુલ ૨૫ સીટો રહેલી છે ...

પૂર્વોતરની રાજનીતિમાં ભૂકંપના સંકેતો

લોકસભાની ચૂંટણી નજીક આવી ગઈ છે ત્યારે દેશના મુખ્ય રાજકીય પક્ષો તમામ તૈયારીમાં વ્યસ્ત છે. લોકસભા સીટોની ગણતરી કરી રહ્યા છે. આ વખતે પણ પૂર્વોતરના રાજ્યોની લોકસભાની ૨૫ બેઠકો પર તમામે તેમની વ્યુહરચનાને આખરી ઓપ આપવા માટેની કમર કસી લીધી છે. પૂર્વોતરની ૨૫ સીટો પર જોરદાર રાજકીય સ્પર્ધા લોકસભાની ચૂંટણીમાં થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એકબાજુ આસામ અને મેઘાલયમાં નાગરિતા સુધારા બિલને લઈને ભારે વિરોધ છે. પૂર્વોતરની રાજનીતિમાં રાજકીય ભૂકંપની સ્થિતી છે. જ્યારે નાગાલેન્ડની રાજકીય વર્તુળોમાં તોફાન આવતા પહેલા સન્નાટા જેવો માહોલ છે. બંને ઉગ્રવાદી સંગઠનો સીઝ ફાયર પર છે પરંતુ આ સંગઠનોએ ગ્રેટર નાગાલેન્ડ માટેની માંગ હજુ સુધી છોડી નથી. પૂર્વોતરમાં ભાજપ અને કોંગ્રેસ પાસે આઠ આઠ સીટો છ. મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીએ સરકારે ગુમાવી દીધા બાદ દેશના પૂર્વોતર ક્ષેત્રમાં ક્ષેત્રીય પક્ષો અને ભાજપની સ્થિતી મજબુત બની રહી છે. આઠ રાજ્યોમાં હાલમાં રાજકીય હલચલ શાંત દેખાઈ રહી છે. જો કે નાગરિકતા બિલને લઈને રાજનીતિમાં ભૂકંપના સંકેત દેખાઈ રહ્યા છે.આ પરિવારમાં સામેલ સિક્કિમ રાજ્ય ચોક્કસપણે શાંત નજરે પડે છે. જો કે પૂર્વોતરના સૌથી મોટા રાજ્ય ગણાતા આસામ અને પડોશી રાજ્ય મેઘાલયમાં નાગરિકતા સુધારા બિલને લઈને વિરોધ છે. છેલ્લી લોકસભા ચૂંટણીથી લઈને હજુ સુધી આ જ મુદ્દા પર સૌથી મોટા ફેરફારની સ્થિતી છે. આગામી લોકસભાની ચૂંટણીમાં નાગરિકતા સુધારા બિલને મુખ્ય મુદ્દો બનાવવામાં આવી શકે છે. આસામમાં ૧૪ અને મેઘાલયમાં બે લોકસભા સીટો પર ભાજપ છે. ક્ષેત્રીય દળો અને નબળી પડેલી કોંગ્રેસ



આસામ અને મેઘાલયમાં નાગરિકતા સુધારા બિલને લઈને જોરદાર વિરોધ જારી છે : નાગાલેન્ડમાં તોફાન પહેલા સન્નાટા જેવી સ્થિતી છે

પાર્ટી રોમાંચક ટક્કર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એનઆરસી વિવાદ હજુ શાંત થયો નથી. ભાજપ અને કેન્દ્ર સરકારે નાગરિકતા સુધારા બિલ લાવવાની પહેલ પર આસામની રાજકીય ગરમી વધી ગઈ છે. કેન્દ્ર સરકાર વર્તમાન નાગરિકતા સુધારા બિલમાં સુધારો કરીને બાંગ્લાદેશ સહિત અન્ય દેશોમાંથી આવેલા મુસ્લિમ શરણાર્થી લોકોને દેશનિકાલ કરવાની યોજના ધરાવે છે. સાથે સાથે શરણાર્થીઓ ઉપરાંત હિન્દુ અને અન્ય તમામ શરણાર્થીઓને નાગરિકતા આપવા માંગે છે. હિન્દ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવાનુ વચન આપીને ભાજપે વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં ભવ્ય જીત મેળવી હતી. આસામની ૧૪ પૈકીની સાત સીટો જીતી લીધી હતી. બે વર્ષ પહેલા જ રાજ્યની કોંગ્રેસ સરકારને પછડાટ આપીને રાજ્યમાં સત્તા કબજે કરી હતી. પાર્ટીએ જ્યારે વચન પૂર્ણ કરવા માટે પહેલ કરી ત્યારે અસામ ગણ પરિષદ, કોંગ્રેસ અને અન્યોએ મોરચા ખોલી દીધા હતા. સૌથી વધારે વિરોધ નોર્થ ઈસ્ટ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવ્યો હતો. રાજ્યની જનતામાં પ્રભાવ ધરાવનાર અને રાજનીતિમાં ઉલટફેર કરવાની ક્ષમતા ધરાવનાર સંગઠન અખિલ આસામ વિદ્યાર્થી સંગઠન અને આસામ સાહિત્ય સંઘ દ્વારા કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. આ સંગઠનો બીજા દેશોમાંથી આવેલા હિન્દુ શરણાર્થી લોકોને ભારતીય નાગરિકતા આપવાને લઈને ડેમોગ્રાફી બગડી જશે તેવો આક્ષેપ કરી રહ્યા છે. મેઘાલયમાં પણ રાજનીતિ ગરમ બનેલી છે. ખ્રિસ્તી બહુમતિવાળા મેઘાલયમાં પૂર્વ લોકસભા અધ્યક્ષ પીએ સાગ્માના પુત્ર કનરાડ સંગમાની પાર્ટી એનપીઈપી અને ભાજપની સરકાર છે. સતત ૧૦ વર્ષ સુધી રાજ્યની સત્તામાં રહ્યા બાદ કોંગ્રેસ વિપક્ષમાં છે. જો કે તેની સ્થિતી નબળી નથી. પાર્ટી હિન્દુ શરણાર્થીઓની સાથે મેઘાલયમાં રહેતા બીજા દેશોમાંથી આવેલા મુસ્લિમનોને પણ ભારતીય નાગરિકતા આપવા માટેની માંગ કરી રહી છે. કોંગ્રેસ પાર્ટી માત્ર હિન્દુ લોકોને નાગરિકતા આપવાનો વિરોધ કરી રહી છે. નાગાલેન્ડમાં પણ સ્થિતી સારી દેખાઈ રહી નથી. અહીં બે સંગઠનો યુદ્ધવિરામની જાહેરાત કરી ચુક્યા છે પરંતુ ગ્રેટર નાગાલેન્ડની માંગ પર મક્કક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ પુર્વોતર પર સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. હિન્દી પટ્ટામાં થનાર નુકસાનને પહોંચી વળવા માટે આ રાજ્યોમાં મહેનત કરી રહ્યા છે. આવી સ્થિતીમાં આગામી દિવસો રાજકીય રીતે ઉપયોગી સાબિત થઈ શકે છે.

ભાજપ અને કોંગ્રેસ પાસે હાલમાં આઠ-આઠ સીટો

પૂર્વોતરમાં તીવ્ર સ્પર્ધા રહેશે

લોકસભાની ચૂંટણીમાં પૂર્વોતરની ૨૫ લોકસભા બેઠકો પણ તમામ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. પૂર્વોતરના આઠ રાજ્યો રહેલા છે. જેમાં આસામ, અરૂણાચલ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં લોકસભાની સીટોની વાત કરવામાં આવે તો આસામમાં લોકસભાની ૧૪, અરૂણાચલમાં બે, મણિપુરમાં બે, મેઘાલયમાં બે, મિઝોરમમાં એક, નાગાલેન્ડમાં એક, સિક્કિમમાં એક અને ત્રિપુરામાં બે સીટનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ચિત્રને ધ્યાનમાં લેવામાં આવે તો વસ્તી ૪૫૭૭૨૧૮૮ છે. વર્ષ ૨૦૧૪માં છેલ્લી વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. એ વખતે ભાજપે આઠ, કોંગ્રેસે આઠ, એયુઆઈડીએફને ત્રણ, એનપીઈપીને એક સીટ મળી હતી. આવી જ રીતે એનપીએફને એક, એસડીએફને એક, સીપીએમને બે સીટો મળી હતી. અન્યોના ખાતામાં એક સીટ ગઈ હતી. આ વખતે કેટલાક ફેરફાર થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટી માટે દિન પ્રતિદિન પૂર્વોતરમાં મુશ્કેલી વધી રહી છે. પૂર્વોતરના રાજ્યોમાં કોંગ્રેસ પાર્ટીએ તેના છેલ્લા રાજય મિઝોરમમાં પણ હાલમાં સત્તા ગુમાવી દીધી છે. ભાજપ અને ક્ષેત્રીય પક્ષોની સ્થિતી આ રાજ્યોમાં મજબુત થઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીએ પૂર્વોતરમાં પણ તેના મજબુત સંગઠન મારફતે તમામ તાકાત લગાવી દીધી છે. જેનો સીધો લાભ તેને થઈ રહ્યો છે. પૂર્વોતરના રાજ્યોમાં સ્થિતી હળવી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રાજકીય રીતે નાના પક્ષો તેમના અસ્તિત્વને બચાવી લેવા માટે મોટા નેશનલ સ્તરના પક્ષો સાથે જોડાણ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

ફોન ચાર્જિંગ સ્પીડ ખુબ વધારે થશે : કોફી બ્રેકમાં જ ચાર્જ થશે

૨૦૧૯ : નવા વર્ષે ટેકનોલોજી ભેંટ



ફાઈવ જીની તૈયારીમાં કંપનીઓ વ્યસ્ત : હવે મશીન છે જેને હાથમાં બાંધી લીધા બાદ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ રિકોર્ડ સમય પર થઈ શકશે

વર્ષ ૨૦૧૯માં કેટલીક નવી ટેકનોલોજી આધારિત ચીજો બજારમાં આવનાર છે.જેને લઈને સામાન્ય લોકો ભારે આશાવાદી અને ઉત્સુક છે. કેટલીક ચીજો આવી ગઈ છે. જ્યારે કેટલીક આવનાર છે. આ ટેકનોલોજી વર્ષ ૨૦૧૯માં ઉપયોગી સાબિત થનાર છે. એક કોફી બ્રેકના સમયમાં ફોન ચાર્જ થઈ શકશે. સાથે સાથે ફાઈવ જીની તૈયારી પણ કરી લેવામાં આવી છે. નવા વર્ષમાં ચાર્જિંગની સ્પીડ અનેક ગણી વધી શકે છે. અમને ચાર્જિંગના ગાળા દરમિયાન વધારે વોટેજમાં ફીડ કરવાની જરૂર પડશે. સાથે સાથે તાપમાનને ઓછુ રાખીને બેટરી સેલ્સની વયને વધારે રાખવી પડશે. વન પ્લસ ડેશ ચાર્જ સૌથી ઝડપથી ચાર્જ કરે છે. ઓપ્પોના સુપરવુક ૫૦ વોટના ચાર્જિંગ સોલ્યુશન બેટરીને ૩૫ મિનિટમાં શુન્યથી ૧૦૦ ટકા સુધી ચાર્જ કરી નાંખે છે.આનાથી ખુબ ફાયદા રહેલા છે. નવા વર્ષમાં ફાઈવ જીની ચર્ચા સૌથી વધારે રહેશે. આની તૈયારી કરી લેવામાં આવી છે. ફાઈવ જી નેટવર્કમાં શિફ્ટ થવા માટે બે મુખ્ય કારણ રહેલા છે. જેમાં અપગ્રેડ્સ છે. વધારે પ્રમાણમાં સ્પીડ અને ઓછા વિલબમાં કામ થઈ શકશે. ફાઈવ જી સામાન્ય લોકોને વધારે સુવિધા વધારે ઝડપથી આપી શકશે. આનાથી ખુબ વધારે સ્પીડ (૧૦ જીબીપીએસ સુધી) મળી જાય છે. સુચનામાં થતી વિલંબની સમસ્યા ખતમ થઈ શકે છે. આ સેલ્ફ ડ્રાઈવિંગ વ્હીકલ, કનેક્ટડ પ્રોડક્ટ્સના માટે પણ ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ સ્પર્ધામાં પાછળ રહેવા માટે ઈચ્છુક નથી. જેથી તે તમામ તાકાત કામ પર લગાવી દે છે. આવી સ્થિતીમાં કંપનીઓ પણ હવે હેલ્થકેર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એવા ડિવાઈસ તૈયાર કરવામાં આવી રહ્યા છે જે હેલ્થ કેર કરે છે. આવા જ ડિવાઈસની બોલબાલા વર્ષ ૨૦૧૯માં રહેનાર છે. હવે અમારી પાસે એવી મશીન પણ આવી ગઈ છે. જેને પોતાના હાથમાં મુકી દેવામાં આવ્યા બાદ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ રેકોર્ડ કરી શકે છે. અમે એપ્પલ વોચ સિરિઝ ૪ની વાત કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૯માં આ પ્રકારના કનેક્ટેડ, સ્માર્ટ વિયરેબલ ડિવાઈસની ખાસ બોલબાલા રહી શકે છે. આનો લાભ એ થશે કે હેલ્થ સાથે સંબંધિત મામલાને વહેલી તકે જાણી શકાશે. સાથે સાથે સારવાર પણ શક્ય બની શકશે. સમય રહેતા સારવાર મળી જવાથી રાહત થશે. દરેક દર્દી માટે પર્સનાલાઈઝ દેખરેખ કરી શકાશે. દુર સ્થળ પર બેસીને દર્દી પર નજર રાખી શકાશે. આવી જ રીતે હવે ફોલ્ડ થનાર ડિસ્પ્લે ડિવાઈસ પણ આવી રહ્યા છે.ડિસ્પ્લેને ફોલ્ડ કરી શકાય છે. સેમસંગે એક ફોનના માધ્યમથી આ બાબત સાબિત કરી બતાવી છે કે આ ડિવાઈસ અનફોલ્ડ કરવાની સ્થિતીમાં ટેબલેટ બની જાય છે . આને ઈનફિનિટી ફ્લેક્સ ડિસ્પ્લે તરીકે નામ આપવામાં આવ્યુ છે. આ પ્રકારના પ્રથમ ફોન વર્ષ ૨૦૧૯માં લોંચ કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી અને ટેસ્ટ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. જ્યારે કોઈ કોલનો જવાબ આપવાનો હોય ત્યારે અથવા તો આને ખિસ્સામાં રાખવાની જરૂર હોય તો આ ફોન નાના કદમાં ફેરવાઈ શકે છથે. જ્યારે વિડિયોને નિહાળતી વેળા તેને વિસ્તૃત કરી શકાય છે. રોલ થનાર આવા ડિવાઈસના સૌથી મોટા ફાયદા એ છે કે કામ ન હોવાની સ્થિતીમાં તેને બંધ કરીને મુકી શકાય છે. ડિજિટલ ડિટોક્સની પણ વર્ષ ૨૦૧૯માં બોલબાલા રહી શકે છે. જેમ જેમ ડિવાઈસ સ્માર્ટર બની રહ્યા છે તેમ તેમ અમે જરૂરી ચીજો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા નથી. તમામ ધ્યાન ડિજિટલ દુનિયામાં જાય છે. આપને આ અંગેની માહિતી નથી પરંતુ ડિજિટલ ડિટોક્સની તમામને જરૂર છે.

પ્રવેશ લેતા પહેલાની જરૂરી કાળજી

શિક્ષણના સ્તર, પ્લેસમેન્ટ, સુવિધા અને ફેકલ્ટી સહિતના મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓ કેટલીક માહિતી પહેલા મેળવે તે જરૂરી



એન્જિનિયરિંગમાં કોલેજમાં પ્રવેશ લેતા પહેલા પણ કેટલીક બાબતોની ચકાસણી હવે જરૂરી બની ગઈ છે. ધોરણ-૧૨ પાસ કર્યા બાદ જે વિદ્યાર્થી આઈઆઈટી, એનઆઈટી, બિટ્સ જેવી સંસ્થાઓની પ્રવેશ પરીક્ષા પાસ કરીને સારી શાખા મેળવી લે છે તેમના વાલીઓ ભારે ખુશ હોય છે અને ગર્વ પણ અનુભવ કરે છે. બાકીના વાલીઓની સામે તેમના બાળકોના ભાવિને લઈને હમેંશા ચિંતા રહે છે. સાથે સાથે દુવિધા પણ રહે છે. દુવિધા એ હોય છે કે બાળકને કઈ કોલેજમાં પ્રવેશ અપાવી દેવામાં આવે. જ્યારથી એન્જિનિયરિંગમાં પ્રાઈવેટ એન્જિનિયરિંગ કોલેજ અને યુનિવર્સિટી આવી ગઈ છે ત્યારથી વાલીઓ વધારે અસમંજસની સ્થિતીમાં મુકાઈ ગયા છે. પોતાના બાળકોને કઈ કોલેજમાં પ્રવેશ અપાવી દેવામાં આવે તેને લઈને મોટી દુવિધા રહે છે. કોલેજમાં પ્રવેશ લેતા પહેલા સંસ્થાના વાતાવરણ, ક્લાસ રૂમ, લેબ, લાઈબ્રેરી અને સંસ્થાની વેબસાઈટ જેવી બાબતોમાં ગંભીર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આ તમામ ચીજોમાં નિરીક્ષણ કરવામાં આવ્યા બાદ એ બાબતની પણ માહિતી મેળવી લેવી જરૂરી છે કે ત્યાં શિક્ષણનુ સ્તર કેવુ રહે છે. કારણ કે કેટલીક કોલેજમાં તો આધુનિક સમયમાં સારી રીતે ક્લાસીસ પણ થતી નથી. સાથે સાથે લેબ પણ લાગતી નથી. પ્રોજેક્ટ સંબંધિત ગતિવિધી પણ હોતી નથી. આવી સ્થિતીમાં બાળક કોઈ ગતિવિધી શિખી શકતો નથી. સંસ્થા સરકારી નિયમાનુસાર અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદ , વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ સાથે સંબંધિત તથા કોઈ ટેકનોલોજી સંસ્થા સાથે માન્યતાપ્રાપ્ત છે કે કેમ તેની પણ ચકાસણી કરવી જોઈએ. શુ આપ જે કોલેજની પસંદગી કરી રહ્યા છો તે સંસ્થા રાષ્ટ્રીય મુલ્યાંકન અને પ્રત્યાન પરિષદ દ્વારા માન્યતાપ્રાપ્ત છે કે કેમ તેની પણ ખાતરી કરવી જોઈએ. સંસ્થાના પ્લેસમેન્ટ અધિકારીઓની શૈક્ષણિક યોગ્યતા, અનુભવ, અને સંસ્થા દ્વારા દર્શાવવામાં આવેલા પ્લેસમેન્ટની વસ્તવિકતાની ખાતરી પણ કરી લેવી જોઈએ. જો શક્ય હોય તો એ સંસ્થામાં અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ અને તે સંસ્થાના હાલમાં નોકરી લાગેલા વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરવી જોઈએ. સંસ્થામાં પ્રોજેક્ટ સંબંધિત ગતિવિધી ચાલે છે કે કેમ તેની માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. તેમના એન્જિનિયરિંગના ક્ષેત્રમાં રિસર્ચ પેપર, પુસ્તક લખાણ, વર્ક શોફ તથા સેમિનાર મારફતે યોગદાન શુ છે તે બાબત પર પણ ધ્યાન આપવાની જરૂર હોય છે. ત્યાં અભ્યાસ કરી રહેલા અને અભ્યાસ કરીને નિકળી ચુકેલા વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરવી જોઈએ. સુવિધાના સંબંધમાં પણ જરૂરી માહિતી મેળવી લેવી જોઈએ. જો તમે પોતાના બાળકને હોસ્ટેલમાં રાખવા માટે ઈચ્છુક છો તો હોસ્ટેલમાં સુવિધાની માહિતી મેળવી જોઈએ.ત્યાંના રૂમ, ખાવા પીવાના સ્તર અંગે વાત કરવી જોઈએ. રહન સહન મામલે પણ સંસ્થાના પ્રિન્સિપલ તથા એ શાખામાં ભણાવતા ફેકલ્ટીની શૈક્ષણિક યોગ્યતા મામલે પણ માહિતી એકત્રિત કરવી જોઈએ. તેમની શૈક્ષણિક યોગ્યતા શુ છે અને ક્યાથી અભ્યાસ કરેલા છે તે અંગે પણ માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. તેમના એન્જિનિયરિંગના ક્ષેત્રમાં રિસર્ચ પેપર, પુસ્તક લખાણ, વર્ક શોફ તથા સેમિનાર મારફતે યોગદાન શુ છે તે બાબત પર પણ ધ્યાન આપવાની જરૂર હોય છે. ત્યાં અભ્યાસ કરી રહેલા અને અભ્યાસ કરીને નિકળી ચુકેલા વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરવી જોઈએ. સુવિધાના સંબંધમાં પણ જરૂરી માહિતી મેળવી લેવી જોઈએ. જો તમે પોતાના બાળકને હોસ્ટેલમાં રાખવા માટે ઈચ્છુક છો તો હોસ્ટેલમાં સુવિધાની માહિતી મેળવી જોઈએ.ત્યાંના રૂમ, ખાવા પીવાના સ્તર અંગે વાત કરવી જોઈએ. રહન સહન મામલે પણ જરૂરી માહિતી એકત્રિત કરવી જોઈએ. સુરક્ષા અને મેડિકલ સુવિધાની માહિતી પણ જરૂરી હોય છે. કેટલીક સંસ્થાઓ અલગ અલગ સુવિધા આપે છે. જેમાં ઈન્ટરનેટ, એસી લાઈબ્રેરી, ઈગ્લિશ ક્લાસેસ, વિદેશી ભાષા માટે ચાર્જ વસુલ કરે છે. આ તમામ બાબતો અંગે પણ પ્રવેશ લેતા પહેલા તમામ માહિતી મેળવી લેવી જોઈએ. તાજેતરના વર્ષોમાં એન્જિનિયરિંગના ક્ષેત્રમાં પ્રવેશ લેતા ઈચ્છુક વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. એન્જિનિયરો પુરતા નાણાં પણ મેળવી રહ્યા નથી. આવી સ્થિતીમાં તેમની બોલબાલા પહેલા જેવી નથી. છતાં કુશળ વિદ્યાર્થીઓ આજે પણ સારા માર્ક મેળવીને એન્જિનિયરિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટે તમામ પ્રયાસો કરે છે. માતા પિતા પણ તેમની મદદ માટે ઉભા રહે છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડાના રૂ. ૨૮૫ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમૂર્હત : લોકાર્પણ સંપન્ન કરતા મુખ્યમંત્રી

પ્રજાના પરસેવાનો એક એક પૈસો વિકાસ કામોમાં વપરાય તેવી પારદર્શી-ભ્રષ્ટાચાર રહિત વ્યવસ્થા આ સરકારે વિકસાવી છેઃ મુખ્યમંત્રી







મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદમાં ઔડાના ૨૮૫ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ – ખાતમૂર્હત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજાના પરસેવાનો એક એક પૈસો વિકાસ કામોમાં વપરાય તેવી પારદર્શી-ભ્રષ્ટાચાર રહિત અને સુઆયોજિત વ્યવસ્થા વિકસાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં યોજનાઓના ભૂમિપૂજન થતાં પણ વરસો સુધી કામો પૂર્ણ જ ન થતાં, અમે જેના ખાતમૂર્હત કરીયે તેના લોકાર્પણ પણ અમે જ કરીયે તેવી સમયબધ્ધ કાર્યયોજના ત્વરિત નિર્ણયશકિત અને પારદર્શીતા દર્શાવી છે.

મુખ્યમંત્રીએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડાના વિકાસ કામો અંતર્ગત ઓઢવ બ્રિજનું લોકાર્પણ, શાંતિપુરા બ્રીજનું ભૂમિપૂજન, દહેગામ બ્રિજનું ભૂમિપુજન, શેલા ટાઉન હોલ ભૂમિપુજન, કઠવાડા ટાઉન હોલ ભૂમિપુજન, મણીપુર-ગોધાવી-ઘુમા ડ્રેનેજ લાઇન ભૂમિપૂજન, બોપલ ગાર્ડન તથા બાસ્કેટ બોલ કમ વોલીબોલ કોર્ટનું લોકાર્પણના વિકાસ કામોની ભેટ મહાનગરને ચરણે ધરી હતી.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરતનો વિકાસ દશે દિશાએ હવે ખિલ્યો છે અને દર ૧૦ કિ.મી.ના વિસ્તારમાં કોઈને કોઈ વિકાસ કામો થઇ રહ્યા છે. રાજયના વિકાસ માટે ૧ લાખ ૮૨ હજાર કરોડ કરતાં પણ વધુ રકમનું વિકાસ બજેટ છે તે સંપૂર્ણપણે વપરાય અને સર્વગ્રાહી વિકાસથી ગુજરાતમાં વર્લ્ડ કલાસ ડેવલપમેન્ટની નેમ તેમણે વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચારના મામલે રાજયમાં ધરણા-વિરોધ કરીને મુખ્યમંત્રીનું રાજીનામું માંગી રહેલા વિપક્ષ કોંગ્રેસને સ્પષ્ટપણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીએ ભ્રષ્ટાચાર સામે જંગે છેડયો છે અને મક્કમ પગલાંઓ લઈ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની પ્રતિબધ્ધતા દાખવી છે ત્યારે જે લોકોને સત્તાના સપના આવે છે તેઓ વિરોધના ધરણા કરે છે.

વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યું કે, કોંગ્રેસના શાસનમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણે દેશ કૌભાંડોથી ખદબદતો હતો, તેમના નેતાઓને કૌભાંડોમાં ઝૈં એ જેલમાં મોકલેલા અને કોંગ્રેસના સ્ન્છ ૫૦ કરોડની લાંચમાં આજે પણ જેલમાં છે ત્યારે કયા મોઢે તેઓ ભ્રષ્ટાચાર મૂદો ઉછાળીને રાજીનામાની માંગ કરે છે?

ગુજરાતની જનતા જનાર્દને ૨૩ વર્ષથી અમને સત્તા સોંપીને સેવાદાયિત્વની તક આપી છે તેને ભલિભાંતિ નિભાવતાં વિકાસ એ જ માત્ર એજન્ડા અને છેવાડાના માનવીના વિકાસ, ઉન્નતિ થાય, જયાં માનવી ત્યાં સુવિધાની નેમ સાકાર થાય તે માટે આ સરકાર કટિબધ્ધ છે તેમ વિજયભાઇ રૂપાણીએ વિપક્ષ પર સરસંધાન તાકતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ બોપલ નગરપાલિકા વિસ્તારને આગામી સમયમાં રૂ. ૧૬૦ કરોડનાં ખર્ચે ૬૦ સન્દ્ધ નર્મદાના નીર પૂરાં પાડવાની વિકાસલક્ષી મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે, ૧૦ વર્ષ પહેલાં બોપલ – ઘુમામાં કંઈ નહોતું તેની જગ્યાએ આજે બોપલ– ઘુમા વિસ્તાર વિકાસથી ધમધમી રહ્યો છે તે અમારી કાર્યકુશળતાનો પુરાવો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ભ્રષ્ટાચાર દૂર કરવાં અમારી સરકારે ઓનલાઈન એન.એ. સીસ્ટમ વિકસાવી, પ્લાન-નકશા ૭ થી ૧૦ દિવસમાં પાસ થાય તેવી વ્યવસ્થા ગોઠવી છે.

તેમણે કહ્યું કે, ગુજરાત પાણીની અછત ધરાવતું રાજય છે ત્યારે પાણીનો મહત્તમ સંગ્રહ થાય તે માટે ચાલુ વર્ષે માર્ચ મહિનાથી જળસંચય અભિયાનો દ્વારા તળાવો ઉંડા કરી જળ સ્ત્રોતો વધારવા માટે જળસંચય અભિયાન શરૂ કરવું છે. વોટર રિચાજ'ગ, રિયુઝ અને રીસાયકલ દ્વારા પાણીનો મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન કરાયું છે. ડીસેલીનેશન પ્લાન્ટ દ્વારા ખારા પાણીને મીઠુ બનાવવા રાજયમાં ડિસેલીનેશન પ્લાન્ટ ધોરણે પણ કાર્યાન્વિત કરવાના છીયે.

તેમણે ઉમેર્યુ કે, આયોજનબધ્ધ વિકાસની નેમ સાથે એક જ વર્ષમાં ૧૦૦ થી વધુ ટી.પી. યોજના મંજૂર કરી છે. જી.ડી.સી.આર. પણ કોમન બનાવ્યા છે અને આ કાયદાઓને પણ સરળ બનાવી ગ્રંથમાંથી ચોપડીનું સ્વરૂપ આપ્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં ૨૫ લાખ ઘરોનું નિર્માણ કરીને સામાન્ય નાગરિકને રોટલા સાથે ઓટલો પણ મળે તે માટે વિવાદ નહી સંવાદ દ્વારા ઘબકતું ગુજરાત – શ્રેષ્ઠ ગુજરાત બને તે માટે રાજય સરકાર સદૈવ પ્રયત્નશીલ છે.

મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૫૭.૫૦ કરોડનાં ખર્ચે બનનાર ઓઢવ બ્રિજનું લોકાર્પણ, રૂ. ૯૪.૧૮ કરોડનાં ખર્ચે બનનાર શાંતિપુરા બ્રીજનું ભૂમિપૂજન, રૂ. ૬૦.૪૭ કરોડનાં ખર્ચે બનનાર દહેગામ બ્રિજનું ભૂમિપુજન, રૂ. ૨૯.૨૪ કરોડનાં ખર્ચે બનનાર શેલા ટાઉન હોલ ભૂમિપુજન, રૂ. ૨૯.૨૭ કરોડનાં ખર્ચે બનનાર કઠવાડા ટાઉન હોલ ભૂમિપુજન, રૂ. ૧૮.૩૭ કરોડનાં ખર્ચે બનનાર મણીપુર-ગોધાવી-ઘુમા ડ્રેનેજ લાઇન ભૂમિપૂજન, રૂ. ૨.૦૦ કરોડનાં ખર્ચે બનનાર બોપલ ગાર્ડન તથા બાસ્કેટ બોલ કમ વોલીબોલ કોર્ટનાં અંદાજીત રૂ. ૨૮૫ કરોડના કાર્યોનું લોકાર્પણ/ ખાતમૂહૂર્ત ડીજીટલ રીતે કર્યુ હતું. મુખ્યમંત્રીએ વિવિધ દાતાઓ તરફથી મળેલા કુલ – રૂ. ૧૧.૦૩ લાખના કન્યા કેળવણી નીધિના ચેક સ્વીકાર્યા હતા.

ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, બોપલ-ઘુમા નગરપાલિકાનો રાજયની અન્ય નાગરપાલિકા કરતા સારો વિકાસ થયો છે. ભવિષ્યની બાબતો ધ્યાનમાં રાખી રીંગ રોડ તથા ઓવરબ્રિજના કારણે ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવ્યું છે. ૧૮૬૬ ચો.કી. નો વિસ્તાર ઔડાનો છે ત્યારે ઔડાએ ઓછા કર્મચારીઓ સાથે પણ મહત્તમ કાર્યો પૂરા કર્યા છે.

અમદાવાદ મ્યૂનિસિપલ કમિશ્નર અને ઔડાના ચેરમેન વિજયભાઈ નેહરાએ જણાવ્યું કે, આજે એક સાથે અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ થઈ રહ્યું છે. રૂ. ૩૫૦ કરોડના ખર્ચે ૭ બ્રિજનું કાર્ય થવાનું છે તે અંતર્ગત એક બ્રિજનું લોકાર્પણ થયું છે અને બે બ્રિજના ખાત મૂહૂર્ત આજે થયા છે. રૂ. ૩૫૦ કરોડના ખર્ચે ૨૮૦૦ મકાનનું આયોજન હાથ ધરાયું હતું જે પૈકી ૧૪૦૦ મકાનો તૈયાર થઈ ગયા છે અને ૧૪૦૦ મકાનો ટૂંક સમયમાં જ તૈયાર થઈ જશે. જાણીતા સામાયિક ઈકોનોમિસ્ટ મુજબ અમદાવાદ વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ૧૦૦ દેશોની યાદીમાં સામેલ થવાની અભૂતપૂર્વ સિધ્ધી સુઆયોજીત વિકાસ થી હાંસલ કરી છે તેમ તેમણે આ લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યો જગદીશભાઈ પંચાલ, અરવિંદભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, ખાદી ગ્રામોદ્યોગના ચેરમેન કુશળસિંહ પઢેરીયા, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. પટેલ, બોપલ નગરપાલિકાના પ્રમુખ જિગીસાબેન, ગૌ સેવા આયોગના ચૈતન્ય શંભુ મહારાજ, ઔડાના સી.ઈ.ઓ.એ.બી.ગોર, કલેક્ટરશ્રી ડૉ. વિક્રાંત પાંડેતથા અમદવાદના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતનો વિકાસ સોળે કળાએ ખિલ્યો છે દર ૧૦ કિ.મી.ના વિસ્તારમાં કોઈને કોઈ વિકાસ કામો થઈ રહ્યાં છે

- જેમના શાસનમાં દેશ ભ્રષ્ટાચારથી ખદબદતો-જેમના નેતાઓ કૌભાંડોના લીધે જેલમાં હતા તે લોકો આજે ભ્રષ્ટાચાર સામે કયા મોઢે ધરણા કરે છે?
- જેના ખાતમૂર્હત અમે કરીયે તેના લોકાર્પણ પણ અમે જ કરીયે તેવી આયોજનબધ્ધ – પારદર્શી કાર્યપધ્ધતિ વિકસાવી છે
- ભૂતકાળમાં કોંગ્રેસીઓ ખાતમૂર્હત જ કરતા વરસો સુધી કામો પૂરા ન થતાં
- બોપલને રૂ. ૧૬૦ કરોડની યોજનાથી નર્મદાના પાણી મળશે
- આ વર્ષે માર્ચ મહિનાથી રાજયવ્યાપી જળસંચય અભિયાનથી વોટર રિચાજલ્ગ-રિયુઝ-રિસાયકલ કરીને ગુજરાતને જળ અછતથી બચાવવું છે

વિવિધ લોકાર્પણ/ખાતમૂર્હુત

- ઓઢવ બ્રિજનું લોકાર્પણ
- શાંતિપુરા બ્રીજનું ભૂમિપૂજન
- દહેગામ બ્રિજનું ભૂમિપુજન
- શેલા ટાઉન હોલ ભૂમિપુજન
- કઠવાડા ટાઉન હોલ ભૂમિપુજન
- મણીપુર-ગોધાવી-ઘુમા ડ્રેનેજ લાઇન ભૂમિપૂજન
- બોપલ ગાર્ડન તથા બાસ્કેટ બોલ કમ વોલીબોલ કોર્ટનું લોકાર્પણ

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર યથાવત વલસાડમાં ૯, નવસારીમાં ૧૦ ડીગ્રી

સુરતમાં લઘુતમ ૧૨ ડીગ્રી તાપમાન નોંધાયું

સુરત

ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલ ઠંડા પવનના લીધે દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો ચમકારો વધ્યો છે. આજે નવસારીમાં ૩ ડીગ્રી તાપમાન વધ્યું છે. જ્યારે વલસાડ અને સુરતમાં એક ડીગ્રી ઠંડી વધી છે. આગામી દિવસોમાં ઠંડીથી રાહત મળે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૮.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૨.૫ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૫ મિલીબાર નોંધાયું છે. ગતરોજની સરખામણીએ સુરત શહેરમાં ૧ ડીગ્રી તાપમાન ઘટ્યું છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનતમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થતા ૧૦ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૭ ડીગ્રી નોંધાયું હતું. નવસારી વાસીઓને છેલ્લા એક સપ્તાહ બાદ ઠંડીથી રાહત મળી હતી. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૯.૧ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં આજે ગતરોજની સરખામણીએ ઠંડીનો ચમકારો ઓછો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ આગામી સપ્તાહથી ઠંડીનો જોર ધીમે ધીમે ઘટતો જશે.

સુરતમાં મહેતા ફિનકોન ગ્લોબલ ઈન્વેસ્ટર કોન્ફરન્સનું આયોજન

ડૉ. સુબ્રમણિયન સ્વામી પણ વિશેષ ઉપસ્થિત રહેશે

સુરત

ગુજરાતની સૌથી મોટી HNI ઈન્વેસ્ટર કોન્ફરન્સ, "મહેતા ફિનકોન ગ્લોબલ ઈન્વેસ્ટર કોન્ફરન્સ (MFGIC)" ૧૨ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સુરત ખાતે યોજાશે જેમાં ટોચની એસેટ મેનેજમેન્ટ કંપનીઓના CEOs & CIOs એક મંચ પર હાજર રહેશે. મહેતા ફિનકોનના ચેરમેન અને સીઆઈઓ કેયૂર મહેતા જણાવે છે કે, "આ ઈન્વેસ્ટર કોન્ફરન્સ એચએનઆઈ અને અલ્ટ્રા એચએનઆઈ ઈન્વેસ્ટર્સ માટે સંપત્તિના સર્જનના ફ્રેમવર્કમાં રોકાણ અંગે જાગૃતિ ફેલાવવા માટે છે. આ કોન્ફરન્સની છેલ્લી બે આવૃત્તિ ભારે સફળ રહી હતી જેમાં પ્રતિષ્ઠિત મહાનુભવો ઉપસ્થિત હતા. આ વખતે ત્રીજી આવૃત્તિમાં અર્થશાસ્ત્રી અને રાજય સભાના સભ્ય સુબ્રમણિયન સ્વામી મુખ્ય અતિથિ અને મુખ્ય વક્તા હશે. ડો. સ્વામી 'આઉટલૂક ઓફ ઈન્ડિયન ઈકોનોમી' વિષય પર વક્તવ્ય આપશે, તેમ મહેતા ફિનકોનના એમડી અને સીઈઓ કૃણાલ મહેતા જણાવે છે.

રાત્રે ૧૦ કલાક પછી અને વહેલી સવારે લાઉડ સ્પીકર વગાડવું નહીં

સુરત પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરત

સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર શ્રી જે.કે.પંડયાએ જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થા બરકરાર રહે તે માટે એક જાહેરનામા અન્વયે જરૂરી હુકમો બહાર પાડયા છે. જે મુજબ રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા સુધીના સમય દરમિયાન લાઉડ સ્પીકર ઉપયોગ કરી શકાશે નહીં. આ ઉપરાત નિયત કરેલા ધ્વનિ પ્રદુષણ નિયમો અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાત હોસ્પિટલો, શૈક્ષણિક, સંસ્થાઓ, અદાલતો કે ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવામાં માઈક સીસ્ટમનો ઉપયોગ કરવો નહી. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી દુભાય તેવા ઉચ્ચારણો કે ગાયનો માટે માઈક સીસ્ટમનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીની પરવાનગી આપેલી હોય તે સિવાય કોઈ પણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં. રસ્તાની ડાબી બાજુ ચાલવા કે ટ્રાફિકને અડચણ થાય તેવા કૃત્યો કરવા નહી. ડી.જે. સીસ્ટમની એમ્બીઅન્ટ એર કવોલીટી સ્ટાન્ડર્ડ હોવી જોઈએ. માઈક સીસ્ટમ વગાડવા માટે નિયત શરતોને આધીન અધિકૃત અધિકારી પાસેથી લેખિત પરવાનગી મેળવી છુટછાટ લઈ શકાશે. આ જાહેરનામાનો અમલ તા.૨૬/૦૨/૨૦૧૯ સુધી રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

રાજ્ય સરકારે સ્વરોજગારીની તકો પૂરી પાડી છે- આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર



વલસાડ જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો માલનપાડા ખાતે યોજાયો - ૮૧૯૦ લાભાર્થીઓ રૂા. ૪.૩૦ કરોડની સાધન સહાયનું વિતરણ કરાયું





વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના માલનપાડા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રમણલાલ પાટકર અને ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમના ઉપાધ્યક્ષ અમરશીભાઇ ખાંભલીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સ્વરોજગારીની તકો પૂરી પાડી છે. હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૯થી શરૂ કરેલા ગરીબ કલ્યાણ મેળા નિરંતર યોજીને રાજ્ય સરકારે જરૂરિયાતમંદોને વિવિધ સહાય પૂરી પાડી લોકો આત્મસન્માનથી જીવી શકે અને પોતાનો રોજગાર ધંધો સ્થાપિત કરી શકે તે માટે લાભાન્વિત કરવામાં આવ્યા છે. સરકારની વિવિધ ૬૧૧ કલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવી તેનો લાભ લેવા જણાવ્યું હતું. સરકારની યોજનાઓનો લાભ લેનારમાં સરકારના પૈસા એ મારા પૈસા છે એવો ભાવ હોવો જરૂરી છે. તનાથી ઝડપથી આગળ વધી શકાશે. મંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળામાં મળેલા લાભોનો સદુપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને સાયકલ અપાતાં તેના શિક્ષણમાં વધારો થયો છે. દૂધ સંજીવની યોજનામાં ફલેવર્ડ દૂધ, મધ્યાહન ભોજન યોજના થકી પૌષ્ટિક ભોજન આપવામાં આવતાં શાળાના બાળકોના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. માછીમારોને રોજગારી મળી રહે તે માટે જુથ બનાવીને બોટની સહાય આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે.

ખેતીવાડી ક્ષેત્રે સ્વાવલંબી બની વિવિધ વિસ્તારોમાં ખેડૂત વેલાવાળા શાકભાજી સહિતની વિવિધ ખેતી કરી સ્વનિર્ભર બન્યા છે.

સરકાર દરેક બાબતમાં ચિંતા કરે છે. ગામના વ્યક્તિને ગામમાં જ બધી વ્યવસ્થા મળી રહે તે પ્રકારનું સરકારનું આયોજન છે. અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારમાં ગામેગામ પાકા રસ્તા, આંગણવાડી, પીવાના પાણીની વ્યવસ્થા સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઇ છે. દરેક ગામોમાં પાકા રસ્તા બને તે માટે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ બનાવવાનું આયોજન કરાયું હોવાનું જણાવ્યું હતું.

ઘેટા અને ઊન વિકાસ નિગમના ઉપાધ્યક્ષ અમરશીભાઇ ખાંભલીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા છેવાડાના લોકોને સીધેસીધો લાભ મળે તે માટે વચેટિયાને દુર કરી શરૂ કરાયેલા ગરીબ કલ્યાણ મેળામાં હજારો લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના થકી છેવાડાના માનવીને ઘર મળ્યું છે. જનહિતના વિકાસને વરેલી સરકાર વંચિતોના વિકાસ માટે સંકલ્પબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં જનકલ્યાણના કાર્યોના સેવાયજ્ઞો સતત થઇ રહયા છે.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરી એકી સાથે એક જ સ્થળે લાભો આપવાનું શરૂ કર્યું હતું. જે કેડી કંડારીને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પણ સમગ્ર રાજયમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી છેવાડાના લોકો સુધી લાભો પહોંચાડવાના ભગીરથ પ્રયાસો કર્યા છે.

વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી જણાવ્યું હતું કે, ગરીબી હટાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. દરેક નાગરિકને રોજીરોટી મળી રહે અને તે આત્મ સન્માનથી જીવી શકે તે માટે રાજ્ય સરકાર અથાગ પ્રયાસો કરી રહી છે. પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ રાજ્ય સરકારે છેવાડાના માનવીને સ્વરોજગાર પૂરું પાડવાના પ્રયત્નો કર્યા છે. વલસાડ જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં મેળા પહેલાં અને પછી મળી કુલ ૩૩ હજાર કરતાં વધુ લાભાર્થીઓને રૂા. ૫૧ કરોડથી વધુ રકમની સાધન સહાય-ચેક-મંજૂરી આદેશ આપવામાં આવ્યા હતા. જે પૈકી માલનપાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ૮૧૯૦ લાભાર્થીઓને રૂા. ૪.૩૦ કરોડની સાધન-સહાય અને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે વલસાડ જિલ્લામાં થયેલા વિકાસકાર્યોની ઝાંખી દર્શાવતી પુસ્તિકા વિકાસ વાટિકા-વલસાડ જિલ્લોનું મંત્રીશ્રી રમણલાલ પાટકર અને મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. શાળાની બાલિકાઓએ પ્રાર્થના, સ્વાગત ગીત સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં. માલનપાડા સ્વામીનારાયણ સ્કૂલના બાળકોએ 'હવે હું ગરીબ રહ્યો નથી' નાટક રજૂ કર્યું હતું.

વિવિધ સંસ્થાઓ દ્વારા કન્યા કેળવણીનિધિ માટે સહાયના ચેક મંત્રીશ્રીને અર્પણ કરાયા હતા. વિવિધ યોજનાઓમાં લાભ મેળવનાર લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે કનુભાઇ દેસાઇ, ભરતભાઇ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇ, પ્રાંત અધિકારી કે.જે.ભગોરા, વાય.બી.ઝાલા, ધરમપુરના આસી.કલેક્ટર, ધરમપુર નગરપાલિકા પ્રમુખ જયદીપસિંહ સોલંકી સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અગ્રણીઓ, જિલ્લા-તાલુકા પંચાયત સદસ્યો તેમજ લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉન્નતિ દેસાઇએ કર્યું હતું. આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇએ કરી હતી.

વેકેશન બેચ માટે પ્રવેશકાર્ય શરૂ
(પ્રિ.પી.ટી.સી.મોન્ટેસોરી) Cent. Govt. માન્ય
ધો. ૮,૯,૧૦,૧૧
પાસ/નાપાસ
ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
Mo: 090811-71771, 9824106757
FASHION DESIGN COURSE
Mo: 94292 66517
બહેનો પ્રવેશ માટે સંપર્ક કરો.
નવરંગ મોન્ટેસરી ટીચર્સ ટ્રેઈનીંગ કોર્સ
૧૪૯, ઝમકુબા મહિલા કોલેજની, ટેકરાવાલા સ્કુલ પાસે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-યુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા — કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ — દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ — હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, મોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ — પોખરા, બનારસ, મનોકામનાદેવી, સોનૌલી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર — દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર — દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજુરાહ, પાલ ચોર્ટર, અમૃતસર — દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબલીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

DEV YOGA SURAT. COM
Working in Surat Since 2011
Eat Healthy Food & Do YOGA for Flexible Body, Peacefull Mind & Stressfree Life
स्कूल, कोलेज, घर, सोसायटी, एपार्टमेन्ट एवं, सार्वजनिक स्थानों पर योग सिखने हेतु संपर्क करे ।
Home Yoga & Group Yoga
रोज 45 मिनट का योग -- रखें जीवन भर निरोग
योगा ट्रेनर Send Your Address on देव सर : 99139 37909
Justdial YouTube / devyogasurat
dev08arya@gmail.com www.devyogasurat.com

iSC Indian Steel Corporation Ltd. durashine TATA BLUESCOPE STEEL LOTUS JINDAL VISHWAS Manaksia Limited JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
ઘોડદોડ રોડ — ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા — એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ — જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

સુરત મહાનગરપાલિકાના ૧૦ ગરીબ કલ્યાણ મેળામાં ૧૦૯૮.૪૧ કરોડની સહાય

યોજનાકીય સાધન સહાયનું હાથોહાથ વિતરણ કરાયું

સુરત

રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય સહાય ગરીબ લાભાર્થીઓને એક જ સ્થળે હાથોહાથ આપવાના આશયથી દર વર્ષે રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળો યોજાય છે. આવતીકાલ તા.૮મીએ અડાજણના સંજીવકુમાર ઓડીટોરિયમ ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષપદે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. જેમાં મંત્રીશ્રી, મેયરશ્રી સહિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને હાથોહાથ સાધન સહાયનું વિતરણ કરવામાં આવશે. રાજ્યવ્યાપી ૧૧મા ચરણના ગરીબ કલ્યાણના પ્રારંભ અંતર્ગત સુરત શહેરના કુલ ૧૩,૫૮૯ જરૂરિયાતમંદ લાભાર્થીઓને રૂ.૨૯૫.૪૧ કરોડની માતબર સહાય અર્પણ કરાશે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અગાઉ યોજાયેલા ૧૦ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧.૦૪ લાખ લાભાર્થીઓને રૂા.૧,૦૯૮.૪૧ કરોડની સહાયનું વિતરણ કરાયું હતું.

મેળામાં સરકારના વિવિધ વિભાગો, બેંકો, વિકાસલક્ષી કોર્પોરેશનો અને વીમા કંપનીઓ દ્વારા અમલ કરાતી યોજનાઓના લાભોનું એકસાથે, એકજ સમયે, એકજ સ્થળેથી વિતરણ કરવામાં આવશે. રાજ્યમાં અત્યાર સુધીમાં દરિદ્રનારાયણ માટેના યજ્ઞ સમાન ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા ૧.૩૪ કરોડ ગરીબ લાભાર્થીઓને રૂ.૨૩,૮૯૦ કરોડની હાથોહાથ સહાય અપાઈ ચૂકી છે. ગરીબ કલ્યાણ મેળામાં નવતર અભિગમ અપનાવીને આ વર્ષે ઉજવલા યોજના હેઠળના લાભાર્થીઓને ગેસ કનેકશન તથા રસોઈ માટે સ્ટેનલેસ સ્ટીલનું ૫ લીટરનું પ્રેશર કુકર રાજ્ય સરકાર આપશે. આ વર્ષે રૂ. ૨૦ હજાર સુધીની મર્યાદામાં આખા આંટાનું સિલાઇ મશીન, કડીયાકામની કીટ, પ્લમ્બર અને વેલ્ડરો માટે નવી ટેકનોલોજી પ્રમાણેના સાધનો તથા ખાસ કરીને મહિલાઓ રાજ્યની આર્થિક પ્રગતિમાં સ્વમાનભેર ભાગીદાર થાય તે માટે સખીમંડળોને રૂ. ૪૭૦૦૦ની મર્યાદામાં પેપર કપ, પેપર ડીશ, મસાલા યુનિટ, બ્યુટી પાર્લર, મસાજ વગેરે કીટની સહાય આપવામાં આવશે.

તા.૨૩'મીએ સુરત જિલ્લા તાલુકા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

તા.૧૦'મી સુધી પ્રશ્નો રજૂ કરી દેવા સૂચના

સુરત

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જાન્યુઆરી મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૩મી જૂને યોજાશે. જયારે તા.૨૪મીના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તા.૨૩મી જાન્યુઆરીએ સવારે ૧૧:૦૦ વાગ્યે સૂરત જિલ્લા કલેક્ટરશ્રી કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે. સુરત જિલ્લા વિકાસ અધિકારી માંગરોળ તાલુકામાં તથા સુરત ગ્રામ્યના પોલીસ અધિક્ષક માંડવી તાલુકામાં મામલતદાર કચેરીમાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ કરશે. આ કાર્યક્રમના ભાગરૂપે તા.૨૩મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે આ અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જેમાં સુરત સિટી તાલુકામાં નાયબ કલેક્ટર, સીટીપ્રાંત, બારડોલી તાલુકામાં સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), સુરતના નાયબ નિયામકશ્રી, ઉમરપાડા તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ), કામરેજ તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ), માંગરોળ તાલુકામાં જિલ્લા પુરવઠા અધિકારી, ઓલપાડ તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી(પંચાયત), પલસાણા તાલુકામાં કામરેજ પ્રાંત અધિકારીશ્રી, ચોર્યાસી તાલુકામાં ઓલપાડ પ્રાંત અધિકારી, માંડવી તાલુકા ખાતે માંડવી પ્રાંત અધિકારી, મહુવા તાલુકામાં બારડોલી પ્રાંત અધિકારીશ્રી સહિતના અધિકારીઓ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોઈપણ અરજદારોએ દર મહિનાની તા.૧૦મી સુધીમાં તાલુકા કક્ષાએ મામલતદારને 'તાલુકા સ્વાગત કાર્યક્રમ' એમ લખી તથા જિલ્લા કક્ષાના નિકાલ કરવાના કામ માટેની અરજી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મોકલી આપવી.

વલસાડ જિલ્લાની વિકાસ વાટિકાનું વિમોચન કરતા આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર



વલસાડ

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકામોની જાણકારી પ્રજાજનોને આપી શકાય, તથા જિલ્લાના વિકાસનો એક આધારભૂત દસ્તાવેજ પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરી શકાય તે હેતુથી જિલ્લા કલેકટર સી.આર.ખરસાણાના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી દ્વારા સંપાદન કરાયેલી વલસાડ જિલ્લાની વિકાસ વાટિકા વર્ષ ૨૦૧૭-૧૮ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. આ વિકાસ વાટિકાનું વિમોચન વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી રમણલાલ પાટકરના હસ્તે માલનપાડા ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળા દરમિયાન કરવામાં આવ્યું હતું. સરકારની જુદી જુદી અમલી બનાવાયેલી યોજનાઓની મળેલી સફળતાને અનુલક્ષીને સંપૂટ સ્વરૂપે આ વિકાસ વાટિકા તૈયાર કરવામાં આવી છે. વિકાસ વાટિકા પુસ્તકના વિમોચન અવસરે અવસરે ઘેટા અને ઊન વિકાસ નિગમના ઉપાધ્યક્ષ અમરશીભાઇ ખાંભલીયા, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે ધારાસભ્ય અરવિંદભાઇ પટેલ, કનુભાઇ દેસાઇ, ભરતભાઇ પટેલ, વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અગ્રણીઓ, જિલ્લા-તાલુકા પંચાયત સદસ્યો તેમજ લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેક્ટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

તા.૧૦'મીએ નવસારી કૃષિ યુનિ.નો ૧૪મો પદવીદાન સમારંભ યોજાશે

સમારંભમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી હાજરી આપશે

નવસારી

નવસારી કૃષિ યુનિવર્સિટીનો ૧૪ મો પદવીદાન સમારોહ તા.૧૦ મી જાન્યુ-૧૮ ના રોજ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીની ઉપસ્થિતિમાં યોજાશે. કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાનારા આ સમારોહમાં કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ રહેશે. જયારે આઇસીએઆર ન્યુ દિલ્હીના ડાયરેકટર જનરલ ડો.ત્રિલોચન મોહાપાત્રા દિક્ષાંત પ્રવચન આપશે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે કલેકટરે નવસારી કૃષિ યુનિવર્સિટીના કેમ્પસની મુલાકાત લઇ, અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી, જરૂરી સુચનો કર્યા હતા. કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.જે.ડાંગરીયાએ જરૂરી વિગતોથી કલેકટરને માહિતગાર કર્યા હતા. કલેકટરે હેલીપેડ, બેઠક વ્યવસ્થા વગેરેનું પોલીસ અધિક્ષક ડો.ગીરીશ પંડયા સાથે નિરીક્ષણ કર્યું હતું.

રાજયપાલના કાર્યક્રમને અનુલક્ષીને કલેકટર દ્વારા અધિકારીઓને જુદી જુદી ફરજો સોંપવામાં આવી છે. કલેકટરે અધિકારીઓ સાથે પણ બેઠક કરી હતી. આ પદવીદાન સમારંભમાં સ્નાતક કક્ષાના ૧૯૮ અને અનુસ્નાતક કક્ષાના ૧૮૨ કુલ મળી ૫૫૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પદવી એનાયત કરવામાં આવશે. પદવીદાન સમારંભ દરમ્યાહન શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગ્યદતા પ્રાપ્તી કરનાર સ્નાતતક કક્ષાના ૧૨ અને અનુસ્નાતક કક્ષાના ૧૧ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને કુલ ૩૪ ગોલ્ડા / ગોલ્ડા પ્લેમટેડ સિલ્વસર મેડલો તેમજ યુનિવર્સિટીનો બેસ્ટ ટીચર એવોર્ડ એનાયત કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટી ખાતે કલેકટરની મુલાકાત દરમિયાન નિવાસી અધિક કલેકટર કમલેશ રાઠોડ, યુનિવર્સિટીના કાર્યપાલક ઇજનેર ભલચોંડ સહિત અધિકારીઓ જોડાયા હતા.

ડિસેમ્બર મહિનામાં સ્મીમેરમાં ૫૧૧૨ ઈન્ડોર દર્દીઓએ સારવાર મેળવી

૫૩ હજારથી વધુ આઉટડોર દર્દીઓ નોંધાયા

સુરત

સ્મીમેર હોસ્પિટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ૫૧૧૨ ઈન્ડોર તથા ૫૩૭૨૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૨૭૮૭ નાના તથા ૮૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૧૧૧૮૮ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૫૨૮ અને જુના ૧૫૧૬ દર્દીઓ સહિત કુલ ૩૦૪૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૫૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

ફીઝીયોથે રાપી વિભાગમાં કુલ ૧૬૦૬ તથા આંખ વિભાગમાં ૩૪૨૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૮૦૬૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ કલાક સુધી પતંગો ઉડાડવા નહીં

જહેર રસ્તા પર પતંગ ઉડાડવા પર પ્રતિબંધ લાગુ કરાયા

સુરત

આગામી મકરસંક્રાંતિના તહેવારમાં ગંભીર અકસ્માત બનતા અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવા માટે શહેરના મદદનીશ પોલિસ કમિશનરશ્રી વિનય શુક્લએ એક જાહેરનામા દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૯ સુધી નિયંત્રણો ફરમાવ્યા છે. જે અનુસાર કોઈ પણ વ્યકિતઓએ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા, હાથમાં લાંબા ઝંડા કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો તથા દોરા મેળવવા જાહેર રસ્તાઓ ઉપર અથવા જગ્યાઓમાં દોડા દોડી કરવી નહી. સવારે૬.૦૦થી૮.૦૦ અને સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા દરમિયાન પક્ષીઓના માળામાંથી બહાર જવાનો અને માળામાં પરત આવવાનો સમય હોવાથી આ સમય દરમિયાન પતંગ ચગાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. ટેલીફોન કે ઈલેકટ્રીકનાં તાર ઉપર લંગર(દોરી) નાંખવા અને પ્લાસ્ટિક/ સિન્થેટીક ચાઈનીઝ દોરાનો પતંગ ઉડાવાના હેતુથી રાખવા વેચાણ કરવા તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવા ઉપર જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉત્તરાયણ પર્વમાં કરૂણા અભિયાન શરૂ થશે

ચાઈનીઝ દોરી-તુક્કલ વેચનારાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા કલેક્ટરની સૂચના

પક્ષીઓની સારવાર માટે ૧૪ સ્વયંસેવી સંસ્થાઓ, ૯ પશુ આરોગ્ય કેન્દ્રો, ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર ૧૨૮૫ સ્વયંસેવકો, ડોકટરો ફરજ બજાવશે

સુરત

ઉત્તરાયણ પર્વમાં પંતગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર-સુશ્રુષા માટે રાજય સરકાર દ્વારા આગામી તા.૧૦ થી ૨૦મી જાન્યુઆરી દરમિયાન કરૂણા અભિયાન હાથ ધરાશે. આ અભિયાનને સફળ બનાવવા જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલના અધ્યક્ષસ્થાને કલેકટરાયલય બેઠક યોજાઈ હતી. કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ઉત્તરાયણ પર્વ દરમિયાન અબોલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે વનવિભાગ તથા સૂરત શહેર જિલ્લાની જીવદયાની સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ., પશુપાલન, મહાનગરપાલિકા, શિક્ષણ વિભાગના સહયોગથી સુદ્દઢ આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ચાઈનીઝ દોરી, તુક્કલ વેચનારાઓ સામે ફોજદારી કાર્યવાહી કરીને કડક હાથે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, યુવાનો અને બાળકોના પંતગ ઉડાવવાના ઉત્સાહમાં ઉતરાયણ પર્વે આકાશમાં મુકતપણે વિહાર કરતા પક્ષીઓ દોરીથી ઘાયલ થવાના તેમજ મૃત્યુ પામવાના અનેક બનાવો બનતા હોય છે તેવા સમયે હેલ્પલાઈન નંબરો પર કોલ કરીને વધુમાં વધુ પક્ષીઓને બચાવવાનો અનુરોધ કર્યો હતો. ઉતરાયણ વિત્યા બાદ વીજળીના તારો, વૃક્ષો પર દોરાઓને તત્કાલ દુર કરવાની સૂચના આપી હતી. શ્રી નૈયાર કહ્યું હતું કે, ગત વર્ષે કરૂણા અભિયાન હેઠળ ૧૨૮૩ ઘાયલ પક્ષીઓને બચાવી લેવાયા હતા. વન વિભાગ દ્વારા પાંચ જેટલી કરૂણા એમ્બુલન્સો દ્વારા તત્કાલ ધાયલ પક્ષીઓના રેસ્કયુ ઓપરેશન કરવામાં આવશે. જિલ્લામાં દયાળજી બાગ ખાતે વન વિભાગના દ્વારા કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. આ ઉપરાંત ૧૪ જેટલી સેવાભાવી એનજીઓ, નવ પશુ આરોગ્ય કેન્દ્રો, ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર ડોકટરો ફરજ બજાવશે. આ ઉપરાંત રેડીયોમાં જીગલ, સ્કુલોમાં બાળકોને જન જાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવશે. આ બેઠકમાં ઉચ્ચ અધિકારીઓ, મહાનગરપાલીકા, પશુપાલન, શિક્ષણ વિભાગના અધિકારીઓ, નેચર કલબ, જાનકી દયા ટ્રસ્ટ, પ્રયાસ સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પથરાયેલી જીવદયા સંસ્થાઓના સંકલનમાં રહી પક્ષી બચાવની કામગીરી

ગોડાદરા બળાત્કાર કેસમાં આરોપી વિરૂદ્ધ દસ્તાવેજી પુરાવા કોર્ટમાં રજૂ

કેસની ટ્રાયલ ઝડપથી ચલાવવા સરકારી વકીલની માંગ

સુરત

ગોડદાર આસપાસ દાદાના મંદિર પાસે સોમેશ્વર સોસાયટીમાં રહેતાં મહારાષ્ટ્રીયન પરિવારની ત્રણ વર્ષની બાળકી સાથે બળાત્કર કરી હત્યા કરી નાંખવાના એક કેસમાં પોલીસે આજે ૫૦ જેટલા નાના-મોટા પુરાવાઓ સાથેનું એક લીસ્ટ કોર્ટ સમક્ષ રજૂ કરવાના ચક્રોગતિમાન કરાયા હોવાનું ડીજીપી નયન સુખડવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, ગોડાદરા આસપાસ દાદાના મંદિર પાસે સોમેશ્વર સોસાયટીમાં મહારાષ્ટ્રીયન દલિત પરિવાર રહે છે. ગત મહિનાઓમાં આ દલિત પરિવારની ત્રણ વર્ષની બાળકીને લાલચ આપી બિહારનો વતની અને આરોપી અનિલ યાદવ નામનો ઈસમ અપહરણ કરી અવાવરૂ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારી ગળે ટુંપો દઈ હત્યા કરી નાંખી હતી. પોલીસે ૩૭૬ તથા ૩૦૨નો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ બાળકીનો મૃતદેહ મરાઠી પરિવારે જે બિલ્ડિંગમાં રહે છે. તેજ બિલ્ડિંગમાંથી મળી આવ્યો હતો અને પોલીસે આરોપી અનિલ યાદવની બિહારથી ધરપકડ કરી હતી. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી રિમાંડ પણ મેળવ્યા હતા. આ રિમાંડ દરમ્યાન પોલીસે સંખ્યાબંધ દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કર્યા હતા. પોલીસે આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી હતી. ડીજીપી નયન સુખડવાળા દ્વારા ૫૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવાના ચક્રોગતિમાન કરાયા છે. આ કેસની ટ્રાયલ ઈન કેમેરામાં ચાલશે. સગા ભાઈએ રાત્રે અશ્લીલ ક્લીપિંગ જોઈ હતી અને બહેન જ્યારે લઘુશંકા કરવા ગઈ ત્યારે તેની પાછલ જઈને અપહરણ કરી અધમ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્દઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજીક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગતે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની રાકમોના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
બેઠકદ્વારા ઉચ્ચતમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
આકર્ષક ૧૭૫/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
પૈસા માટે સાથે રાકશાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ઉચ્ચ ગ્રહ વર્ષ માટે ૧૦૦૦/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ ઉચ્ચ ગ્રહ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
પૈસા માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	6th	50/-
		Total	1900/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આઠ થી વાઘ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ



કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક એક દિવસીય આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો





વિવિધ ૧૫ દેશના ૪૮, ભારતના ગુજરાતના ૨૬ અને અન્ય ૮ રાજ્યોના ૩૨ પતંગબાજો સહિત કુલ- ૧૦૬ પતંગબાજોએ વિવિધ આકારની કલાત્મક પતંગો સાથે રજૂ કરેલા વિવિધ કરતબો

રાજપીપળા : નર્મદા જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિ., ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની મુકામે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક લીમડી હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે મંગળવારે યોજાયેલા એક દિવસીય આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને ગુજરાતના વન અને આદિજાતિ કલ્યાણ વિભાગના પૂર્વ રાજ્યમંત્રી શબ્દશરણભાઇ તડવી, રાજપીપલા નગરપાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટ, ગુજરાત પ્રવાસન નિગમના ડિરેક્ટર ગજેન્દ્રસિંહ જાડેજા, જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઇ દેસાઇ, રાજવી પરિવારના રઘુવીરસિંહ ગોહિલ અને રૂકમણીદેવી ગોહિલ, જિલ્લા કલેક્ટર આર.એસ.નિનામા, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય વહિવટદાર અને રીહેબીલીટેશનના કમિશનર આઇ.કે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, ગુજરાત પ્રવાસન નિગમના અધિકારી એલ.કે. એન્ટોની સહિત દેશ-વિદેશના પતંગબાજોની વિશાળ ઉપસ્થિતિમાં ગગનમાં ફૂગ્ગાનું ઝુંડ લહેરાવીને ખૂલ્લો મૂકતાં સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું.

આજના આ પતંગ મહોત્સવમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલીયા, બેલ્જીયમ, બ્રાઝીલ, બલ્ગેરીયા, કંબોડીયા, કેનેડા, ચીલે, ચાઇના, કોલંબીઆ, ક્રોએટીઆ, ક્યુરેકો, એસ્ટોનીયા અને ફીનલેન્ડ જેવા વિવિધ દેશો ઉપરાંત ભારતના ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કેરાલા અને રાજથાન રાજ્યોના પતંગબાજોએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઇ રંગબેરંગી અવનવા કલાત્મક પતંગો ઉડાડીને તેમના કરતબો રજૂ કર્યા હતાં.

તારક મેહતા કે ઉલ્ટા ચશ્માની ટીમે આકર્ષણ જમાવ્યું

આ કાઇટ ફેસ્ટિવલ ઉત્તરાયણ પહેલા કરવામાં આવતો હોય ૧૪ મી જાન્યુઆરીના રોજ તારક મહેતા ના ઉલ્ટા ચશ્માનો એપિસોડ બનાવવા માટે આ સીરિયલના નિર્માતા આશિત મોદી, સહીત કેમેરામેન,પ્રોડ્યુસર, ડાયરેક્ટર, સહીત મુખ્ય કલાકારોમા જેઠાલાલ , બબીતા,સુંદર સહીત ા અન્ય ાકારો ત્યાં આવતા તેમને તમામનું આકર્ષણ જમાવ્યું હતું .આ કલાકારોની ટીમે આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લઈને તેમની ટીવી સિરીયલ માટે ફિલ્માંકન પણ કર્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ભાજપ વાલાઓ માટે જલસા કરવાનો અડ્ડો બની ગયો છે : પ્રફુલ વસાવા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આજે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આદિવાસીઓએ કાળી પતંગો ચગાવી તેમજ ઘરો પર કાળી ધજા લહેરાવી વિરોધ નોંધાવ્યો હતો જેમાં કેવડિયા વિસ્તારના ૭૨ ગામડાઓના આદિવાસીઓએ ઉતરાણને કાળી ઉતરાણ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હોવાનું આદિવાસી આગેવાન ડૉ.પ્રફુલ વસાવાએ જણાવ્યું હતું વધુમાં પોતાના વિસ્તારને બચાવવા ભાજપની સામે જન આંદોલન કરશે હવે પછીની કોઈ પણ ચુંટણીમા ભાજપને વોટ નહીં આપે એમ કહી સ્ટેચ્યુ ઓફ યુનિટી ભાજપ વાલાઓ માટે જલસા કરવાનો અડ્ડો બની ગયો છે એમ પણ પ્રફુલ વસાવાએ જણાવ્યું હતું.

ડીંડોલીના ચકચારીત બળાત્કાર કેસમાં ચાર પંચોની સર તપાસ

સુરત

ડીંડોલીના એક વિસ્તારમાં રહેતી અને શ્રમજીવી પરિવારની પાંચ વર્ષની માસુમ બાળકી સાથેના બળાત્કાર કેસમાં આજે ગુનાવાળી જગ્યાની વીડિયોગ્રાફી કરી હતી. તેના પંચોની જુબાની લેવામાં આવી રહી હોવાનું ડીજીપી નયન સુખડવાળાએ જણાવ્યું હતું. આ કેસની ડે-ટુ-ડે ટ્રાયલ ચલાવવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આ કેસની વિગતો એવી છે કે, ડીંડોલી વિસ્તારમાં ગત મહિનાઓમાં રોશન નામના આરોપીએ પાંચ વર્ષની માસુમ બાળકાનું અપહરણ કરી ઝાડી ઝાંખરામાં લઈ જઈ બળાત્કાર ગુજારી ફરાર તઈ ગયો હતો. ડીંડોલી પોલીસે આઈપીસી ૩૬૩ તથા ૩૭૬ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અને તપાસ દરમ્યાન પોલીસે રોશનની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસમાં આરોપી સામે ચાર્જશીટ રજૂ કરાઈ હતી. ચાર્જફ્રેમ થયા બાદ આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. ડે ટુ ડેની ટ્રાયલમાં ગતરોજ છ પંચોને રજૂ કર્યા હતા. જેમાં ત્રણ પંચોની સર તપાસ પણ લેવામાં આવી હતી. આ ત્રણેય પંચોએ ફરિયાદના સમર્થનમાં જુબાની આપી હતી. આજે વધુ ચાર પંચોની સર તપાસ શરૂ કરવામાં આવી હોવાનું ડીજીપી નયન સુખડવાળાએ જણાવ્યું હતું.

કુંવરદા ગામમાં રહેતા ગીતાબેન પરમાર ગુમ

સુરત

સુરત ગ્રામ્ય પોલીસની એમ.ઓ.બી. શાખાના જણાવ્યાનુસાર તા.૯/૧૧/૨૦૧૮ના રોજ માંગરોળ તાલુકાના કુંવરદા ગામ ખાતે બી-૧૨૫, સનસીટી સોસા.,માં રહેતા દીપકભાઈ ગોવિંદભાઈ પરમારની ૫૭ વર્ષીય પત્ની ગીતાબેન પરમાર અગમ્ય કારણસર ક્યાં ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, ઊંચાઈ ૫.૪ ફૂટ અને રંગે ઘઉંવર્ણ છે. તેમણે લાલ રંગની સાડી તથા કેસરી રંગનો બ્લાઉઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો કોસંબા પો.સ્ટે. અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.









સુરતમાં વિવિધ કામદાર સંઘોની રાષ્ટ્રવ્યાપી હડતાળને સાંપડેલો જોરદાર પ્રતિસાદ



આયકર, બેંક, વીમા, પોસ્ટ વિભાગના કર્મચારીઓ પણ બે દિવસની હડતાળમાં જોડાતા કામકાજ બંધ



સુરત

દેશના ૧૦ કેન્દ્રીય શ્રમિક સંઘો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની કામદાર વિરોધી તથા ઉદ્યોગપતિઓ કોર્પોરેટ હાઉસો તરફી નીતિઓના વિરોધમાં અપાયેલ બે દિવસની હડતાળમાં સુરતની પોસ્ટ ઓફિસ, બેંક, આવકવેરા, મનપા, કલેક્ટર, જિલ્લા પંચાયત, આશા વર્કરો, આંગણવાડી વર્કરો અને ખાનગી કોન્ટ્રાક્ટ પ્રથાના કર્મચારીઓ જોડાયા હતા.

સુરત ટ્રેડ યુનિયન, સુરત સુધરાઈ મઝદુર યુનિયન, સુરત આવકવેરા વિભાગ કર્મચારી સંઘ સહિત ઈન્ટુક, આઈટુક, સીટુ, એચએમએસ, બેંક, વીમા, ડીફેન્સ, બીએસએનએલ, પોસ્ટ, એસ.ટી., મધ્યાહન ભોજન, આંગણવાડી આશાવર્કરો, બાંધકામના મજૂરો, રોજિંદા કામદારો, કોન્ટ્રાક્ટના મજુરો, નગરપાલિકા મહાનગરપાલિકાના ફિક્સ પગાર તાલીમાર્થીઓ દ્વારા આજે મોટી સંખ્યામાં હડતાળમાં જોડાયા હતા. બે દિવસની હડતાળ દરમ્યાન આજે સવારે ૧૦.૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી ચોકબજાર કિલ્લાના મેદાન ખાતે કામદારોની જાહેર સભા યોજાઈ હતી. આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકે સ્વામી વિવેકાનંદ પૂતળા પાસે, મક્કાઈપુલ નજીક કામદારો દેખાવ અને સૂત્રોચ્ચાર કરશે.

કામદારોને સામાજિક સુરક્ષા, લઘુતમ વેતન, કામદારોની સ્થિતિ, સમાન વેતન, જેવી વિવિધ માંગણીઓ સાથે આજે કર્મચારી યુનિયનની હડતાળમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેની સીધી અસર આજે શહેરની એક પણ પોસ્ટ ઓફિસમાં કામકાજ ન થયું બેંકોની કામગીરીને અસર થઈ. એસએમસી, આવકવેરા, કલેક્ટરમાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓની ગેરહાજરી જોવા મળી.

ગરુડેશ્વરના ગોરા ગામની સગીરાનું લગ્નની લાલચે અપહરણ

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગોરા ગામની સગીરાને ગભાણા ગામમાં રહેતો હરેન્દ્ર રાજેશભાઈ તડવી નામનો યુવક અપહરણ કરી ભગાડી જતા પુત્રીના પિતાએ આ બાબતે ગરુડેશ્વર પોલીસ સ્ટેશને ફરિયાદ આપી હતી

ફરિયાદમાં પિતાએ જણાવ્યું હતું કે ગભાણા ગામનો હરેન્દ્ર રાજેશ તડવી તેમની ધોરણ ૧૨માં ભણતી સગીર વયની દીકરીને તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ કલાક ૦૯/૦૦ થી કલાક ૧૫/૦૦ દરમિયાન ગોરા ગામેથી પટાવી ફોસલાવી લગ્ન કરવાના બદ ઈરાદે અપહરણ કરી ભગાડી ગયો હતો જેથી પોલીસે આ બાબતે યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધી બંનેની શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા તપાસ કેવડિયા સીપીઆઈ ડી.બી.શુક્લ કરી રહ્યા છે.

તમે પોલીસને પૈસા આપી ખોટી માપણી કરાવેલ છે તેમ કહી ઝાડ સાથે બાંધી માર્યો

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ાલુકાના ગઢ ગામમાં જમીનની ાપણી બાબતે એક ?યક્તિને ઝાડ સાથે બાંધીને માર મારતા ફરિયાદ નોંધાઈ હતી ડેડીયાપાડાના ગઢ ગામમાં રહેતા શંકરભાઈ બામણીયાભાઈ વસાવા ઘરેથી ખેતર જતા હતા ત્યારે ગામનાજ (૧) મોહનભાઈ પારસીગભાઈ વસાવા (૨) દલસુખભાઈ પારસીગભાઈ વસાવાએ તેમને જણાવ્યું કે તમે જે જમીન માપણી કરાવેલ છે તે ખોટી છે તમે પોલીસને પૈસા આપી ખોટી માપણી કરાવેલ છે તેમ કહી ઢીકાપાટુનો માર મારવા લાગેલ ત્યાર બાદ એ લોકોનું ઉપરાણુ લઈ (૩) મથુરભાઈ પારસીગભાઈ વસાવા (૪) મ ા ધ ુ સ ી ં ગ ભ ા ઈ પારસીગભાઈ વસાવા (૫) છ ગ ા સ ી ં ગ ભ ા ઈ પારસીગભાઈ વસાવા પણ ત્યાં દોડી આવી શંકરભાઈને માર મારેલ તથા મોહન વસાવાએ લાકડા વડે સપાટા માર્યા બાદ દલસુખ વસાવાએ જમીન ઉપર પડેલ પથ્થર હાથમા લઈ મારી ઈજા કરીને શર્ટ તથા દોરડા વડે તેમને ઘર પાસે આવેલ ઝાડ સાથે બાંધી પિતા બામણીયાભાઈ મીરીયાભાઈ વસાવા તથા માતા પાયલીબેન બામણીયાભાઈ વસાવાને ધોલધપાટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા શંકર વસાવાએ આ પાંચ વિરુદ્ધ ડેડીયાપાડા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે તપાસ પીએસઆઈ કે એલ ગળચર કરી રહ્યા છે.

કીમના રો હાઉસમાંથી ૭૯ હજારની મતાની ચોરી

સુરત

કીમ મુળદ સ્વસ્તીક રો હાઉસ ખાતેના એક મકાનની લોખંડની જાળીના તાળા તોડી અંદર પ્રવેશી કબાટમાં મુકેલા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૭૯૦૦૦ની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. કીમ-મુળદ સ્વસ્તીક સોસાયટીમાં સુરેશભાઈ અભેસિંગભાઈ પટેલ રહે છે. તેમના બંધ મકાનની લોખંડની જાળીને મારેલુ તાળુ તોડી અંદર પ્રવેશી કબાટમાં મુકેલા સોના ચાંદીના દાગીના કિંમત રૂા.૭૯ હજારની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

અંકલેશ્વર તાલુકા ના પીરામણ ગામની સરપંચ ની ચૂંટણી બિન હરીફ જાહેર કરાઈ

અંકલેશ્વર તાલુકાના પીરામણ ગામના માજી સરપંચના દુઃખદ અવસાનથી ખાલી પડેલ સરપંચની બેઠક માટે ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં જાહેરનામા મુજબ ફોર્મ ખેંચવાની આજે છેલ્લી તારીખ હતી.

સરપંચના ઉમેદવાર તરીકે કુલ ૪ ફોર્મ માન્ય રખાયા હતા. ગામના આગેવાનોની અને વહીવટી અધિકારીઓમાં નાયબ કલેકટર ભગોરા, મામલતદાર, નાયબ મામલતદાર મનુભાઈ પટેલ ,ચૂંટણી અધિકારી ટંડેલ તરફથી દાખવેલ આગવી કુનેહના કારણે અન્ય ત્રણ ફોર્મ સમય મર્યાદામાં ખેંચવામાં સફળ રહ્યા હતા અને એક માત્ર વિષ્ણુ ભાઈ જયંતીભાઈ વસાવાને બિન હરીફ સરપંચ તરીકે જાહેર કરવામાં આવશે .આમ પીરામણ ગામ અને વહીવટી તંત્ર હાશકારો અનુભવ્યો હતો. નાયબ કલેકટરના કેહવા મુજબ આ એક માત્ર સરપંચની સીટની ચૂંટણી થાય તો વહીવટી તંત્ર એ ખર્ચ અને સમય આપવો પડે જે હાલ ઓછા સ્ટાફ માટે કઠિન કામગીરી હતી. એ સિવાય તાલુકાના અન્ય ગામો અડોલ અને સરથાણ ગામની વોર્ડની ખાલી પડેલ બેઠક માટે એક પણ ઉમેદવારી પત્રક ભરાયુ ના હતું આમ હાલ અંકલેશ્વર તાલુકામાં જાહેરનામા મુજબ કોઈ ચૂંટણી યોજવાની રહેતી ના હોવાના કારણે વહીવટી તંત્ર માટે આનંદની લાગણી અનુભવાઈ રહી હતી.

બ્રાન્ડેડ કંપનીઓની નકલી ચીજ-વસ્તુઓ વેચવાના કેસમાં ચારનો નિર્દોષ છુટકારો

કોર્ટની ટ્રાયલ દરમિયાન પોલીસ મુદ્દામાલ કોર્ટમાં રજૂ કરી શકી નહીં

સુરત

સુરતના ચૌટાબજાર વિસ્તારોમાં આવેલી જુદી જુદી દુકાનોમાં ગાર્નિયર અને લોરિયલ કંપનીની ડુપ્લીકેટ ચીજ વસ્તુઓનું ગેરકાયદેસર રીતે વેચામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે ચાર દુકાનોમાં દરોડા પાડી તેમના સંચાલકો સામે ગુનો નોંધ્યો હતો. આ કેસ નામદાર કોર્ટમાં ચાલી જતા કોર્ટે ચારેય આરોપીઓને નિર્દોષ છોડ્યા હતા.

પોલીસે ગત તા.૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ ચૌટાબજાર વિસ્તારની સુરત બ્યુટિ કલેક્શન રફીક હજી ઉસ્માન મેમણ, સના કોસ્મેટિકના અબુબકર અબ્દુલ કરીમ તૈબાની, એન.આર. જવેલર્સના અસ્લમ હારૂણ મેમણ તથા લાલાણી એન્ડ સન્સના સંચાલક શેનીલ શાંતિલાલ લાલાણીનાઓ વિરૂદ્ધ કોપીરાઈટ એક્ટ ૧૯૯૭ની કલમ ૫૧ અને ૬૩ મુજબ ગુનો નોંધ્યો હતો. પોલીસે એમની પાસેથી કુલ ૧૧૩૪નો કહેવાતો ડુપ્લીકેટ માલ સામાન કબજે કર્યો હતો. જેની કિંમત રૂા.૯૦,૩૨૫ અંદાજી હતી.

આ કેસ સુરતની કોર્ટમાં ચાલી જતા આરોપીઓ તરફે એડવોકેટ એમ.અશરફ ગાઝીયાનીએ ઉગ્ર દલીલો કરી હતી. જોકે, સદર કેસમાં મુંબઈના નરીમાન પોઈન્ટ ખાતેની તુલશ્યાની ચેમ્બર્સ ખાતે ઓફિસ ધરાવતા ઈ.આઈ. પી.આર. ઈન્ડિયા લિ.ના ઈન્વેસ્ટીગેશન ઓફિસર ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ વાઘેલા ફરિયાદ કરવાનો અધિકાર પત્ર નામદાર કોર્ટમાં રજૂ કરી શક્યા ન હતા. ઉપરાંત જપ્ત કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે પોલીસે મોકલાવેલ ન હતો તથા ટ્રાઈલ દરમિયાન મુદ્દામાલ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ન હતો. માટે નામદાર કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➡ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➡ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭


3000/- Rebonding Smoothing & straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone
An Advance Audiology
Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE
-NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of
51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com